dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -10 | Issue- 20 | AD - 2026, Aso Sud-9 | Tuesday, Dt. 20-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## એક્સિસ બેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટ સહિતના શેરોમાં રોકાણકારોને મોટું નુકસાન

# શેરબજાર ઘટાડા સાથે બંધ થતા રોકાણકારોના કરોડો રૂપિયાનું ધોવાણ

મુંબઈ,તા.૧૯

મુંબઈના સ્થાનિક શેરબજારમાં સોમવારના દિવસે અઠવાડિયાના પ્રથમ ટ્રેડિંગ સત્રમાં જ ભારે વેચવાલીનો માહોલ જોવા મળ્યો હતો. બજારની શરૂઆતથી જ રોકાણકારોમાં ગભરાટ ફેલાતા બન્ને મુખ્ય સૂચકાંકો મોટા ઘટાડા સાથે બંધ થયા હતા. ગયા અઠવાડિયે બજારમાં જોવા મળેલી મજબૂત તેજી અને ટીસીએસ સહિતના આઈટી શેરોમાં થયેલા વધારા બાદ સોમવારે અચાનક આવેલી આ મંદીને કારણે રોકાણકારોને નોંધપાત્ર આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. બજારમાં અગ્રણી બેંકો, સિમેન્ટ અને આઈટી ક્ષેત્રના અગ્રણી શેરોમાં સૌથી વધુ વેચવાલીનું દબાણ નોંધાયું હતું.

સોમવારના ટ્રેડિંગ સત્રના અંતે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૮૭૬.૩૭ પોઈન્ટ એટલે કે ૧.૧૭ ટકા ઘટીને ૭૩,૮૫૨.૯૦ ના સ્તરે બંધ આવ્યો હતો. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી-૫૦ ઈન્ડેક્સ પણ ૨૫૭.૨૦ પોઈન્ટ એટલે કે ૧.૧૧ ટકાના ઘટાડા સાથે ૨૨,૮૮૮.૯૫ ના સ્તરે પહોંચીને અટકી ગયો હતો. આજના કારોબાર દરમિયાન સેન્સેક્સની મુખ્ય ૩૦ કંપનીઓમાંથી માત્ર ચાર કંપનીઓ જ વધારા સાથે લીલા નિશાનમાં બંધ થવામાં સફળ રહી હતી. જ્યારે ૨૫ કંપનીઓના શેરમાં નુકસાન નોંધાયું હતું અને એક કંપનીનો શેર કોઈ ફેરફાર વગર યથાવત રહ્યો હતો. તેવી જ રીતે નિફ્ટીની ૫૦ કંપનીઓમાંથી માત્ર નવ શેરો વધારા સાથે બંધ થયા હતા અને બાકીની ૪૧ કંપનીઓ લાલ નિશાનમાં એટલે કે ઘટાડા સાથે બંધ રહી હતી.



શેરબજારમાં થયેલા આ ઘટાડામાં સૌથી વધુ નુકસાન ખાનગી ક્ષેત્રની એક્સિસ બેંકના રોકાણકારોને થયું હતું, જેના શેર સૌથી વધુ ૩.૮૫ ટકા ઘટીને બંધ આવ્યા હતા. આ સિવાય અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૮૨ ટકા, ઈન્ફોસિસ ૨.૭૨ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૫૪ ટકા, ટ્રેન્ટ ૨.૪૩ ટકા અને એનટીપીસી ૨.૩૭ ટકાના ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આ ઉપરાંત એચડીએફસી બેંક, હિન્દુસ્તાન યુનિલિવર, બજાજ ફિનસર્વ, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, ટાટા સ્ટીલ, સન ફાર્મા, આઈટીસી, કોટક મહિન્દ્રા બેંક, ટાઈટન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, પાવર ગ્રીડ, એશિયન પેઈન્ટ્સ, બીઈએલ, ટીસીએસ અને એચસીએલ ટેક જેવા દિગ્ગજ શેરોમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

આટલી મોટી વેચવાલી વચ્ચે પણ દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક એસબીઆઈના શેરમાં મજબૂતી જોવા મળી હતી અને તે સૌથી વધુ ૧.૧૨ ટકાના વધારા સાથે લીલા નિશાનમાં બંધ રહ્યો હતો. સેન્સેક્સના અન્ય વધનાર શેરોમાં અદાણી પોર્ટ્સ ૧.૦૭ ટકા, એલએન્ડટી ૦.૬૧ ટકા અને ઈન્ડિગો ૦.૨૪ ટકાના વધારા સાથે બંધ થયા હતા, જ્યારે મારુતિ સુઝુકીનો શેર કોઈ પણ બદલાવ વગર યથાવત બંધ રહ્યો હતો.

બીજી તરફ, સોમવારના ઘટાડા બાદ હવે દશેરા એટલે કે વિજયાદશમીના તહેવાર નિમિત્તે મંગળવારે સ્થાનિક શેરબજાર બંધ રહેશે. એક્સચેન્જના વર્ષ ૨૦૨૬ ના રજાઓના કેલેન્ડર મુજબ બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જમાં ટ્રેડિંગ થશે નહીં. આ દિવસે ઈક્વિટી, ડેરિવેટિવ્ઝ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ એન્ડ બોરોઈંગ સહિતના ાૃ સેગમેન્ટમાં ટ્રેડિંગ અને સેટલમેન્ટનું કામકાજ સંપૂર્ણપણે સ્થગિત રહેશે. ચાલુ ઓક્ટોબર મહિનામાં ગાંધી જયંતી બાદ આ બીજી શેરબજારની રજા છે. દશેરાની રજા પૂરી થયા બાદ બુધવારે, ૨૧ ઓક્ટોબરે સવારે ૯:૧૫ વાગ્યે શેરબજારમાં નિયમિત કામકાજ ફરી શરૂ થશે.




## આશુતોષ રંકા અને સૌરભ દાસની જામીન સુનાવણી દરમિયાન મેજિસ્ટ્રેટને ધમકી મળી

નવી દિલ્હી,તા.૧૯

કોક્રોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સૌરભ દાસ અને આશુતોષ રંકાની જામીન સુનાવણી દરમિયાન Special Executive Magistrate (SEM)ને ધમકી મળવા અંગે દિલ્હી પોલીસે અજાણ્યા વ્યક્તિઓ સામે નોન-કોગ્નિઝેબલ રિપોર્ટ નોંધ્યો છે. સીજેપીનો આરોપ છે કે તેમના બંને નેતાઓની મુક્તિમાં વિલંબ કરવામાં આવી રહ્યો છે અને જામીનદારોની ગેરંટી અસ્પષ્ટ કારણોસર રદ કરવામાં આવી છે.



ગતાંક ૧૪ ઓક્ટોબરે જંતર-મંતરના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવા બદલ આ બંને નેતાઓને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

સીજેપીના કાનૂની સેલના વડા રત્ના સિંહે સોશિયલ મીડિયા પર ખુલાસો કર્યો હતો કે સુનાવણીનો સમય બપોરે ૧૨ વાગ્યાનો હોવા છતાં આસિસ્ટન્ટ પોલીસ કમિશનર મોડેથી પહોંચ્યા હતા. વધુમાં, સરકારી વકીલ પણ સુનાવણીમાં હાજર રહેવામાં વિલંબ કરી રહ્યા હતા.

રત્ના સિંહના જણાવ્યા અનુસાર, મેજિસ્ટ્રેટે પોતે સ્વીકાર્યું હતું કે કોઈ અજાણી વ્યક્તિ દ્વારા તેમને ધમકીભર્યો મેસેજ મળ્યો છે. આ અંગે સીજેપીના વકીલોએ માંગ કરી હતી કે ધમકી આપનાર વ્યક્તિ સામે તાત્કાલિક કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને ઓર્ડરમાં તેનો ઉલ્લેખ કરવામાં આવે. પોલીસ તરફથી આ આરોપો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા આવી નથી.


















**ખાનગી બસ, કાર સહિતની લાઈટો સામે એસ.ટી.બસના ડ્રાઈવરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે**

# અમરેલી એસ.ટી.ડિવિઝનની બસમાં હેલોઝન લાઈટની મંજૂરી આપવા માંગ

**કચેરીમાં બેઠા અધિકારીઓ મોતનો તમાશો જોતા હોવાથી રોષ**

અમરેલી,તા.૧૯

અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (જીએસઆરટીસી)ની બસોમાં સરકારના નિયમો મુજબ હેલોજન લાઈટ લગાવવાની મંજૂરી આપવામાં આવે તેવી માંગ ઊઠી છે. એસ.ટી. બસોમાં ટમટમિયા જેવી હેડલાઈટના ઓછા પ્રકાશને કારણે ખાસ કરીને લાંબા અંતરની બસના ડ્રાઈવરોને રાત્રિના સમયે વાહન ચલાવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાના નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓ દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી ડ્રાઈવરોની માંગ છે.અમરેલી એસ.ટી. ડિવિઝન હેઠળ આવતા તમામ ડેપોમાંથી દોડતી અનેક બસોની હેડલાઈટ પૂરતો પ્રકાશ આપતી ન હોવાની ફરિયાદો સામે આવી રહી છે. બસની હેડલાઈટમાં લગાવવામાં આવેલા શીલ્ડ અને અન્ય ભાગોની યોગ્ય રીતે સફાઈ તથા જાળવણી થતી ન હોવાને કારણે પણ પ્રકાશ ઓછો પડે છે. પરિણામે રાત્રિના સમયે લાંબા અંતરની મુસાફરી દરમિયાન ડ્રાઈવરોને રસ્તો સ્પષ્ટ રીતે જોવામાં મુશ્કેલી પડે છે.ખાસ કરીને સામેથી આવતી ખાનગી બસો, કાર અને અન્ય વાહનોમાં તેજ પ્રકાશ આપતી સફેદ લાઈટ હોવાને કારણે એસ.ટી. બસના ડ્રાઈવરોની આંખો અંજાઈ જાય છે. આવી પરિસ્થિતિમાં રસ્તા પર બેઠેલાં રખડતાં ઢોર, અચાનક સામે આવતા વાહનો અને રસ્તા પરનાં અન્ય અવરોધો સમયસર નજરે પડતા નથી. તેના કારણે અકસ્માત સર્જાવાની શક્યતા વધી જાય છે. મુસાફરોની સુરક્ષા સાથે જોડાયેલી આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવો જરૂરી બન્યો છે.બીજી તરફ, જો કોઈ બસચાલક વધુ પ્રકાશ માટે વધારાની લાઈટ લગાવે તો ડેપો મેનેજર દ્વારા દંડ ફટકારવામાં આવતો હોવાની પણ ફરિયાદો છે. પરિણામે ડ્રાઈવરોને એક તરફ ઓછા પ્રકાશમાં બસ ચલાવવાની મુશ્કેલીનો સામનો કરવો પડે છે, તો બીજી તરફ વધારાની લાઈટ લગાવવાથી આર્થિક નુકસાન થવાની ચિંતા રહે છે.ડ્રાઈવરોનું કહેવું છે કે બસોની હેડલાઈટની નિયમિત તપાસ અને યોગ્ય જાળવણી કરવામાં આવે તેમજ સરકારના નિયમો અને આરટીઓની માર્ગદર્શિકા મુજબ મંજૂર હોય તેવી હેલોજન લાઈટ લગાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો રાત્રિ મુસાફરી વધુ સુરક્ષિત બની શકે છે. આથી અમરેલી એસ.ટી. ડિવિઝન સહિત રાજ્યભરની એસ.ટી. બસોમાં પ્રકાશની સમસ્યાનું નિરાકરણ લાવી, નિયમોને અનુરૂપ હેલોજન લાઈટ લગાવવાની મંજૂરી આપવામાં આવે તેવી માંગ ઊઠી છે.જો કે કચેરીમાં બેઠા અધિકારીઓને ડ્રાઈવરોની મુશ્કેલી દેખાતી ન હોય અને અધિકારીઓ જાણે મોતનો તમાશો જોતા હોય તેવુ લાગે છે.

# અમરેલીની બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું

અમરેલી,તા.૧૯



અમરેલી ખાતે અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત અને શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે કાર્યરત બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા દ્વારા સ્વચ્છતા અભિયાન યોજીને રસ્તાની સફાઈ દ્વારા NSSની નિયમિત કરવામાં આવી હતી. શાળા પ્રવૃત્તિના ભાગરૂપે આ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાન થકી રસ્તાઓની સફાઈ કરવાની સાથે-સાથે સ્થાનિક સ્તરે સ્વચ્છતા જાળવી રાખવા તેમજ લોકોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવાનો મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો.

# બાબરા તાલુકામાં સૌની યોજના હેઠળ પાણી છોડવા ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત

લાઠી,તા.૧૯



લાઠી-બાબરા-દામનગર મતવિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાએ બાબરા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહે તે હેતુથી સોની યોજના હેઠળ વહેલી તકે પાણી છોડવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલને પત્ર લખી રજૂઆત કરી છે.ધારાસભ્યએ જણાવ્યું કે, બાબરા તાલુકામાં ઓછો વરસાદ પડવાથી ખેતી અને પાણીની ઉપલબ્ધતા પર અસર થઈ છે. ખેતરોમાં પાકને પૂરતું પાણી ન મળતા નુકસાન થવાની શક્યતા વધી રહી છે. ખેડૂતોની આ મુશ્કેલીને ધ્યાનમાં રાખીને સોની યોજના હેઠળ સંબંધિત વિસ્તારોમાં વહેલી તકે પાણી છોડવામાં આવે તેવી માંગ કરી છે.સમયસર સિંચાઈનું પાણી મળે તો ઉભા પાકને રાહત મળી શકે તેમ છે. આથી રાજ્ય સરકાર સંબંધિત તંત્રને જરૂરી સૂચનાઓ આપી ખેડૂતોના હિતમાં વહેલી તકે નિર્ણય લે તેવી ધારાસભ્ય જનક તળાવીયાએ અપીલ કરી છે.

# અમરેલીમાં દશેરા નિમિત્તે રઘુવંશી સમાજનો ભવ્ય શસ્ત્રપૂજન કાર્યક્રમ

ચલાલા,તા.૧૯

અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા દશેરાના પાવન પર્વ નિમિત્તે સમસ્ત રઘુવંશી સમાજ માટે ભવ્ય શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૨ વાગ્યે અમરેલીના લાઠી રોડ સ્થિત માતૃશ્રી અંબાબેન નરસિંહદાસ સોઢા લોહાણા મહાજન વાડી ખાતે યોજાશે. કાર્યક્રમમાં વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્રપૂજન કરાવવામાં આવશે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી રઘુવંશી સમાજના આગેવાનો, યુવાનો અને સમાજબંધુઓ પોતાના શસ્ત્રો સાથે ઉપસ્થિત રહેશે. શસ્ત્રપૂજનની પ્રાચીન પરંપરા દ્વારા ધર્મ, સત્ય, ન્યાય અને રાષ્ટ્રરક્ષાના સંકલ્પને ઉજાગર કરવામાં આવશે. રઘુવીર સેના દ્વારા સમાજમાં એકતા, સંગઠન અને સંસ્કારોનું જતન કરવાની સાથે નવી પેઢીને ગૌરવશાળી સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા તૈયારીઓ ચાલી રહી છે.

# મોટા ટ્રેક્ટરની ખરીદી પર સહાય મેળવવા ખેડૂતો ૩૦ ઓક્ટોબર સુધી અરજી કરી શકશે

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે એ.જી.આર.-૫૦ યોજના હેઠળ ૨૦ હોર્સ પાવરથી વધુના મોટા ટ્રેક્ટરની ખરીદી પર સહાય આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા ખેડૂતોએ 'આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ' પર ૩૦ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે.અરજીઓની ચકાસણી બાદ પાત્ર ખેડૂતોને પૂર્વ મંજૂરી આપવામાં આવશે. મંજૂરી મળ્યાના ૬૦ દિવસમાં ટ્રેક્ટરની ખરીદી કરી જરૂરી બિલ અને દસ્તાવેજો જમા કરાવવાના રહેશે. નિયત સમયમાં પ્રક્રિયા પૂર્ણ નહીં કરનારની અરજી રદ ગણાશે. વધુ માહિતી માટે ગ્રામસેવક અથવા તાલુકા પંચાયતની ખેતીવાડી શાખાનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

# રાજુલાની આર.કે. સાયન્સ સ્કૂલમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ કાર્યક્રમની કરાઈ ઉજવણી

રાજુલા,તા.૧૯



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા ખાતે આર.કે. સાયન્સ સ્કૂલમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત, ડીવાયએસપી નયના ગોરડિયા અને પી.આઈ. કોલાદરા સહિત પોલીસ સ્ટાફ, વેપારીઓ, આગેવાનો, સંસ્થાના કાર્યકરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. એસપી સંજય ખરાતે વિદ્યાર્થીઓને ઓનલાઈન છેતરપિંડી, ફેક લિંક, ફેક કોલ, ઓટીપી શેર ન કરવા અને અજાણ્યા નંબરથી સાવધાન રહેવા અંગે સમજ આપી હતી. સોશિયલ મીડિયાનો યોગ્ય ઉપયોગ કરવા માર્ગદર્શન અપાયું હતું. અંતે શાળા પરિવાર દ્વારા મહેમાનોનું સ્વાગત અને સન્માન કરાયું હતું.

# કોટડાપીઠામાં જય અંબે મહાકાળી ગરબી મંડળ ખાતે મહાકાળી માતાજીની આરતી રૂ. ૧૭.૧૯ લાખમાં બોલાઈ

કોટડાપીઠા,તા.૧૯



તસવીર : જય મહેતા

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે આસો નવરાત્રીના મહા આઠમના પવિત્ર દિવસે ચોરા ચોક ખાતે આવેલા જય અંબે મહાકાળી ગરબી મંડળમાં માતાજીની ગરબીમાં આરતી ઉતારવાના ચઢાવામાં રૂ. ૧૭,૧૯,૧૪૧ (સત્તર લાખ ઓગણીસ હજાર એકસો એકતાલીસ)ની બોલી સાથે ભક્તજનો અને ભાવિકોના ગ્રુપ દ્વારા આરતી ઉતારવામાં આવી હતી. કોટડાપીઠા ગામમાં નવરાત્રી મહોત્સવ દરમિયાન જય અંબે મહાકાળી ગરબી મંડળ દ્વારા પક્ષીઓને ચણ, પશુઓ માટે ઘાસચારો તેમજ ગામના વિવિધ સેવા કાર્યો અને વિકાસ કાર્યોમાં સહયોગ પૂરો પાડવામાં આવે છે.

# સાવરકુંડલામાં તહેવારો ટાણે પરચૂરણ અને નવી ચલણી નોટોની ભારે અછત

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલાની બજારોમાં તહેવારોની સીઝનમાં ચલણી નોટો અને પરચૂરણની ભારે અછત જોવા મળી રહી છે. આ સ્થિતિમાં વેપારીઓ અને સામાન્ય નાગરિકોને રોજિંદા રોકડ વ્યવહારોમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બજારમાં ખરીદી માટે આવતા ગ્રાહકોને બાકીની રકમ પરત આપવામાં નાના વેપારીઓ, શાકભાજી વિક્રેતાઓ અને લારી-ગલ્લાવાળા છૂટા પૈસાની અછત મોટી સમસ્યા અનુભવે છે. બીજી તરફ, હાલ બજારમાં રૂ.૧૦, રૂ.૨૦ અને રૂ.૫૦ની ફાટેલી-તૂટેલી અને જૂની ચલણી નોટોનું પ્રમાણ વધુ હોવાથી વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે વારંવાર ઘર્ષણ અને મૂંઝવણની પરિસ્થિતિ સર્જાય છે.

આ સમગ્ર સ્થિતિને ધ્યાનમાં રાખીને સાવરકુંડલાના વેપારી વર્ગ અને સ્થાનિક નાગરિકોની માંગ છે કે, તહેવારો નિમિત્તે બેંકો દ્વારા ત્વરિત નવી ચલણી નોટો અને સિક્કાઓનો પૂરતો જથ્થો બજારમાં ફરતો કરવામાં આવે. રૂ.૧૦, રૂ.૨૦ અને રૂ.૫૦ની ક્ષતિગ્રસ્ત તથા જૂની નોટો બેંકો દ્વારા સરળતાથી સ્વીકારી તેના બદલામાં સારી નોટો આપવામાં આવે.









# અમરેલીના અવધ રેસીડેન્સીમાં રહેણાંક મકાનમાં આગ લાગી, કોઈ જાનહાનિ નહી



અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરના ચિતલ રોડ પર આવેલી અવધ રેસીડેન્સીમાં આજે બપોરે ૧૨:૦૫ કલાકે એક રહેણાંક મકાનમાં આગ લાગવાની ઘટના બની હતી.

ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને કરવામાં આવતાં ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ એક વોટર બ્રાઉઝર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયર વિભાગના જવાનોએ પાણીનો મારો ચલાવી આશરે ૧૫ મિનિટની કામગીરી બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

સમયસર ઘટનાસ્થળે પહોંચીને ફાયર ટીમે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.આ કામગીરીમાં ફાયર સ્ટાફના ઋત્વિકભાઈ ભીમાણી, સાગરભાઈ પુરોહિત અને કૃષ્ણભાઈ ઓળકિયાએ ફરજ બજાવી હતી.

# વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામમાં દીપડાએ શ્વાનનો શિકાર કર્યો



અમરેલી,તા.૧૯

વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે દીપડાની અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામના કાછડીયા પરા વિસ્તારમાં મધરાત્રિના સમયે દીપડાએ શ્વાનનું મારણ કરતાં ગામમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, રાત્રિના આશરે ત્રણ વાગ્યાના સુમારે દીપડો વજુભાઈ રવજીભાઈ ભુવાના ઘર પાસે આવ્યો હતો અને ત્યાં રહેલા શ્વાનનો શિકાર કર્યો હતો. આ સમગ્ર ઘટનાના દ્રશ્યો ગામમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા હોવાનું જાણવા મળ્યું છે. ગામની આસપાસ દીપડાની હાજરીને કારણે લોકોમાં ફફડાટ ફેલાયો છે. ખાસ કરીને રાત્રિના સમયે બહાર નીકળતા ગ્રામજનોમાં ભય જોવા મળી રહ્યો છે. ત્યારે વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં તપાસ કરી દીપડાની અવરજવર પર નજર રાખવામાં આવે અને ગ્રામજનોની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# સા.કુંડલામાં મહિલાને કોની સાથે ગઈ હતી? કહી મૂંઢમાર માર્યો

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલામાં મહિલાને ‘કોની સાથે ગઈ હતી?’ તેમ કહી મૂંઢમાર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે કમળાબેન વાલજીભાઈ હેલૈયા (ઉ.વ.૫૫) એ જીતુભાઈ નાનજીભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદી અને આરોપી અગાઉ સાથે રહેતા હતા અને ચાર દિવસથી જુદા રહેવા ગયા હતા. કમળાબેન તેમના કૂતરા માટે મરેલા મરઘા લેવા ગયા હતા, ત્યારે આરોપીએ આવીને પૂછ્યું હતું કે, ‘તું કોની સાથે ગઈ હતી?’ જેથી તેમણે ‘હું કોઈની સાથે ગઈ નથી’ તેમ કહેતાં આરોપીએ ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે.જે. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લાઠીમાં મહાકાળી નાટક મંડળ દ્વારા વીર હમીરસિંહજી ગોહિલની શૌર્યગાથા રજૂ કરાઈ



લાઠી,તા.૧૯

કવિ કલાપીની સંવેદના અને ઐતિહાસિક પરંપરાની નગરી લાઠીમાં નવરાત્રીના પાવન પર્વ દરમિયાન મહાકાળી નાટક મંડળ દ્વારા ભવ્ય ઐતિહાસિક નાટકની રજૂઆત કરવામાં આવી હતી. આ નાટકમાં લાઠીના શૂરવીર રાજવી વીર હમીરસિંહજી ગોહિલના જીવન, શૌર્ય અને બલિદાનની ગાથાને કલાકારોએ પોતાના અભિનય દ્વારા જીવંત કરી હતી. સ્થાનિક કલાકારોએ પરંપરાગત વેશભૂષા ધારણ કરીને ઐતિહાસિક પાત્રોને મંચ પર સાકાર કર્યા હતા. કલાકારોના દમદાર અભિનય, પ્રભાવશાળી સંવાદો અને ભવ્ય રજૂઆતને નિહાળીને ઉપસ્થિત દર્શકો મંત્રમુગ્ધ બન્યા હતા. લાઠીની ઐતિહાસિક વિરાસત અને વીરતાની ગાથાને નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી યોજાયેલા આ નાટકે દર્શકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. નવરાત્રીના ઉત્સવમાં મનોરંજનની સાથે ઐતિહાસિક વારસાને ઉજાગર કરવાનો મહાકાળી નાટક મંડળનો આ પ્રયાસ સરાહનીય રહ્યો હતો.

# બગસરામાં પ્રૌઢે દેશી તમંચા વડે ખુદને ગોળી મારી આત્મહત્યા કરી

**પી.એસ.આઈ. એચ.જી. મારુએ વધુ તપાસ હાથ ધરી**

બગસરા,તા.૧૯

બગસરામાં એક પ્રૌઢે દેશી તમંચા વડે ખુદને ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે મૃતકના ભાઈ બહાદુરભાઈ લખુભાઈ વાળા (ઉ.વ.૬૪)એ પોલીસને જાહેર કર્યા મુજબ, ગજેન્દ્રભાઈ ઉર્ફે ગોદડભાઈ લખુભાઈ વાળા (ઉ.વ.૭૦)ને ઘણા સમયથી મગજની બીમારી હતી. જે બીમારીથી કંટાળીને તેમણે પોતાની પાસે રહેલા દેશી બનાવટના તમંચા વડે ખુદને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. ઘટના અંગે બગસરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એચ.જી. મારુ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે સુવિધાની માંગ



અમરેલી,તા.૧૯

અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે સુવિધા શરૂ કરવાની માંગ લાંબા સમયથી ઊઠી રહી છે.

ધારી પત્રકાર સંઘ દ્વારા છેલ્લા એક વર્ષથી આ અંગે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સાંસદ સમક્ષ પણ રજૂઆત કરાઈ હતી. છેલ્લા બે વર્ષથી મીટરગેજ ટ્રેનો બંધ છે, જ્યારે જૂનાગઢથી ચલાલા વચ્ચે દોડતી એકમાત્ર ટ્રેનના ભાડા અને સમયપત્રક અંગે પણ ફરિયાદો છે. ૨૩ ઓક્ટોબરે અમરેલીમાં બ્રોડગેજ ટેસ્ટ દરમિયાન રેલવેના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆત કરાશે.

**ધારી પત્રકાર સંઘ અને અમરેલી બ્રોડગેજ સમિતિ ૨૩ ઓક્ટોબરે રેલવેના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરશે**

# જિલ્લામાંથી ૧૦ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા

**પોલીસે તમામ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળોએથી ૧૦ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં ઝડપી લીધા હતા.

પોલીસ તપાસ દરમિયાન સાવરકુંડલામાંથી ત્રણ, જ્યારે જાફરાબાદ, કથીવદરપરા, ચક્વાપરા, અમરેલી, કલોરાણા, રાજુલા અને વાવેરામાંથી એક-એક મળી કુલ ૧૦ ઈસમો નશાની હાલતમાં રખડતા-ભટકતા મળી આવ્યા હતા. પોલીસે તમામ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધારીના કુબડા ગામે પૈસાની લેતી-દેતીમાં બાપ-દીકરા પર હુમલો

**પોલીસે આરોપી સામે ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી**



ધારી,તા.૧૯

ધારી તાલુકાના કુબડા ગામે પૈસાની લેતી-દેતીના મામલે ગામના જ એક શખસે બાપ-દીકરા પર હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા બંનેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધારી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં ધારી પોલીસ હરકતમાં આવી હતી. હુમલાની આ ઘટનાને પગલે ધારી પોલીસ વિભાગે વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલામાં ૧૭ જાન્યુઆરીએ પાંચમો સમૂહ શાદી સમારોહ યોજાશે



રાજુલા,તા.૧૯

રાજુલામાં આરીફભાઈ એમ. જોખિયા ફાઉન્ડેશન અને સમગ્ર મુસ્લિમ સમાજ દ્વારા આગામી ૧૭ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ પાંચમો સમૂહ શાદી સમારોહ યોજાશે. આ પ્રસંગે નેક કામ મિશન અને વ્યસનમુક્તિ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.સમાજમાં લગ્નપ્રસંગે થતા બિનજરૂરી ખર્ચને અટકાવી ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક રાહત મળે તેવા હેતુથી આ આયોજન કરાયું છે. સમૂહ શાદી માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૬ છે. ફોર્મ સમગ્ર મુસ્લિમ સમાજ કાર્યાલય, ખડપીઠ, માધવબાગ કોમ્પ્લેક્સ પાછળ, રાજુલા ખાતે ભરાશે. કન્યા અને વરરાજાની ઉંમર અંગેના નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. આયોજકોએ સમાજના લોકોને સહકાર આપવા અપીલ કરી છે.


શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ PTC મહિલા કોલેજ અમરેલી
ગુજરાતી મિડીયમ - મેનેજમેન્ટ ક્વોટા 9 સીટ - પ્રવેશ શરૂ
શ્રીમતી સી.જી. ઝાલાવાડીયા PTC મહિલા કોલેજ અમરેલી
ઈંગ્લીશ મિડીયમ - મેનેજમેન્ટ ક્વોટા 9 સીટ - પ્રવેશ શરૂ
★ અરજી ફોર્મ વિતરણ અને સ્વીકાર તા. ૨૦/૧૦/૨૦૨૬ થી ૨૪/૧૦/૨૦૨૬ સમય ૧૦:૩૦ થી ૦૫:૦૦, સરકારશ્રીની ફોર્મ ફી સામાન્ય કક્ષા રૂ. ૧૫૦/- અનામત કક્ષા રૂ. ૧૦૦/- • અરજી ફોર્મ રૂબરૂ અથવા ટપાલ થી સ્વીકારાશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
Ad151


# બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે કલાકારોની હાજરીમાં ‘વિજુડી’ ફિલ્મનું શૂટિંગ મુહૂર્ત યોજાયુ

**સાંસદ ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં શૂટિંગનો શુભારંભ, ભાજપના આગેવાનો અને ગ્રામજનો રહ્યા ઉપસ્થિત**



તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૧૯

પ્રમુખ ફિલ્મ મેકર્સ પ્રોડક્શન હેઠળ બની રહેલી ‘વિજુડી’ ફિલ્મના શૂટિંગનો શુભારંભ બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.ફિલ્મના પ્રોડ્યુસર પરેશભાઈ દોમડિયા સહિત ફિલ્મના હીરો-હિરોઈન અને અન્ય કલાકારો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. આ ઉપરાંત શ્રીજી સ્કૂલના સંચાલક દીપકભાઈ વઘાસિયા, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, મહેશભાઈ ભાયાણી, હિતેશભાઈ કલકાણી સહિત બાબરા તાલુકાના ભાજપના આગેવાનો, ગામના સરપંચ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.








# ધારીના ગીગાસણ ગામે કૂવામાંથી મહાકાય અજગરનું રેસ્ક્યૂ કરાયું

**રમેશભાઈ આહિરે કુશળતાપૂર્વક અજગરને કૂવામાંથી સુરક્ષિત બહાર કાઢ્યો**

ધાર,તા.૧૯

ધારી તાલુકાના ગીગાસણ ગામે કૂવામાં મહાકાય અજગર જોવા મળતાં સ્થાનિક લોકોમાં કુતૂહલ સાથે ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. કૂવામાં અજગર હોવાની જાણ થતાં રમેશભાઈ કાતરીયા તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી. રમેશભાઈ કાતરીયાએ કુશળતાપૂર્વક અને સાવચેતી સાથે અજગરને કૂવામાંથી બહાર કાઢ્યો હતો. તેમની કામગીરીને કારણે અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.



તસવીર : સંજય વાળા

વન્યજીવો પ્રત્યેની સંવેદનશીલતા અને યોગ્ય તકેદારી સાથે કરવામાં આવેલી આ કામગીરી સ્થાનિક વિસ્તારમાં ચર્ચાનો વિષય બની હતી.

# રાજુલાના હડમતીયાના ખેડૂતોનો જેટકોની ૨૨૦ કે.વી. વીજ લાઈનની કામગીરી સામે વિરોધ

રાજુલા,તા.૧૯

રાજુલા તાલુકાના હડમતીયા ગામના ખેડૂતોએ જેટકો કંપની દ્વારા કરવામાં આવતી ૨૨૦ કે.વી. વીજ લાઈનની કામગીરી સામે વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતોએ રાજુલાના ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વળતરની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી કામગીરી બંધ રાખવાની માંગ કરી છે.જેટકો કંપની દ્વારા હડમતીયા ગામમાંથી પસાર થતી ૨૨૦ કે.વી.



વીજ લાઈનનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી માટે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે. જોકે, ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની સંમતિ લીધા વિના અને પૂરતી જાણકારી આપ્યા વગર કામગીરી શરૂ કરવામાં આવી રહી છે.ખેડૂતોએ ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના નવા ઠરાવ મુજબ જમીન, પાક તથા વૃક્ષોને થતા નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, વળતરની નીતિ અંગે સ્પષ્ટતા કર્યા બાદ જ કામગીરી આગળ વધારવી જોઈએ. આથી, વળતર અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે અને ખેડૂતોને ન્યાય મળે ત્યાં સુધી વીજ લાઈનની કામગીરી અટકાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

# રાજુલા નજીક 'રિક્ષા વેચી છે તેના પૈસા આપી દે' કહી છરીનો ઘા માર્યો

ડુંગર, તા.૧૯

મહુવાના ભાદ્રોડ ઝાંપા વિસ્તારમાં રહેતા ફઝેલકરીમ કામસભાઈ તૈયબાની (ઉ.વ.૩૫)એ રજાકભાઈ સુમરા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓ પોતાની રિક્ષા લઈને મહુવાથી વિકટર ગામે જઈ રહ્યા હતા. એ દરમિયાન દાતરડી ગામે પાંચ પીપળુ પાસે નેશનલ હાઈવે પર પહોંચતાં આરોપી રજાકભાઈ સુમરાએ તેમની રિક્ષા ઊભી રખાવી હતી. આરોપીએ કહ્યું હતું કે, ×તને રિક્ષા વેચી છે તેના બાકીના રૂ.૫૦,૦૦૦ આપી દે, નહીં તો રિક્ષા લઈ જઈશ અને પૈસા નહીં આપે તો અત્યારે જ તને જાનથી મારી નાખીશ.× તેમ કહી તેણે પેટના ભાગે છરીનો ઘા માર્યો હતો. બનાવ અંગે ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.જે. ધાખડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલાના બારપટોળી ગામે જમીનમાં વાવેતર કરવા બાબતે પુત્રએ પિતાને ધમકી આપી

**પિતાએ ધમકી આપવા બદલ કપાતર પુત્ર સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

રાજુલા,તા.૧૯

રાજુલાના જૂની બારપટોળી ગામે પુત્રએ પિતાને 'તું મને જમીનમાં વાવવાની ના પાડીશ તો હું તને જીવતો નહીં રહેવા દઉં' તેવી ધમકી આપી હતી. બનાવ અંગે લાખાભાઈ ખોડાભાઈ જીતીયા (ઉ.વ.૫૫)એ પોતાના પુત્ર નરેશ લાખાભાઈ જીતીયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓ તા.૧૭/૧૦/૨૦૨૬ના રોજ જૂની બારપટોળી ગામે સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન આરોપી પુત્ર દારૂ પીધેલી હાલતમાં ઘરે આવ્યો હતો અને તેણે કહ્યું કે, 'સવારમાં મારું ટ્રેક્ટર ખેતર ખેડવા આવે છે અને મને જમીનમાં વાવવાની કોણ ના પાડે છે?' તેમ કહી બોલાચાલી કરી હતી.ત્યારબાદ આરોપીએ પિતાના મોઢાના ભાગે હોઠની ડાબી બાજુ લોખંડની ટી-નો ઘા, ડાબા પગના સાથળના ભાગે બે ઘા તથા જમણા પગના ગોઠણ પર એક ઘા માર્યો હતો તેમજ શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો. ઉપરાંત તેણે ધમકી આપતાં કહ્યું હતું કે, 'તું મને જમીનમાં વાવવાની ના પાડીશ તો હું તને જીવતો નહીં રહેવા દઉં, તું ભલે મારો બાપ હોય પણ હું તને મારી નાખીશ.' ઘટના અંગે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ચાવંડમાંથી યુવક અને યુવતી ઘરેથી નિકળ્યા બાદ લાપત્તા

લાઠી,તા.૧૯

લાઠી પંથકમાંથી બે લોકો લાપતા બન્યા હોવાની ઘટના સામે આવી છે.પ્રથમ બનાવમાં, ચાવંડ ગામે રહેતા બાબુભાઈ મેઘજીભાઈ રાસડિયા (ઉ.વ.૬૮) એ પોલીસને જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો વિજયભાઈ (ઉ.વ.૪૪) ઘરેથી બાબરા ખાતે નોકરીએ જવાનું કહીને નીકળ્યા બાદ પરત ફર્યા નહોતા. પરિવારજનો દ્વારા તેમની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.જ્યારે બીજા બનાવમાં, ચાવંડ કન્યાશાળા પાસે રહેતા સુરેશભાઈ ગોવિંદભાઈ નાગવડિયા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી નેન્સીબેન (ઉ.વ.૧૮) ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર નીકળ્યા બાદ લાપતા થઈ હતી. બનાવ અંગે પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# મીઠાપુર (ડું) ગામે તને તો મારી જ નાખવો છે કહી યુવકને માથામાં તલવારનો ઘા ઝીંક્યો

**પિતા વચ્ચે પડતાં તેમને પણ તલવારથી ઈજા પહોંચાડી**

ચલાલા, તા.૧૯

ચલાલાના મીઠાપુર (ડુ) ગામે 'તને તો મારી જ નાખવો છે' કહી યુવકને માથામાં તલવારનો ઘા ઝીંક્યો હતો. બનાવ સંદર્ભે દિલીપભાઈ બાધુભાઈ વાળા (ઉ.વ.૩૫)એ કરણસિંહ નરસિંહભાઈ રેવર અને અજીતભાઈ રેવર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાના ઘરેથી જૂના ઘરે જઈ, મજૂરોને ગાયોનું નીરણ ચીંધીને પરત પોતાના ઘરે આવતા હતા તે વખતે જાહેર રસ્તામાં કરણભાઈ રેવરે બોલેરો તેમની સામે આવવા દીધી હતી. જેથી તેમણે કહ્યું કે, 'કેમ બોલેરો માથે આવવા દીધી?' જેથી ઉશ્કેરાઈને કહેવા લાગ્યા કે, 'તને તો મારી જ નાખવો છે' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી તેઓ ઘરે જતા રહ્યા હતા.

તે વખતે આરોપીઓ હાથમાં તલવાર લઈને આવ્યા હતા તથા અજીતભાઈ રેવરે લોખંડના પાઈપ વડે દરવાજે તથા બાજુમાં પડેલી મોટરસાયકલમાં ઘા માર્યા હતા. જેથી તેમણે કેતનભાઈને ફોન કરીને ઘરે બોલાવ્યા હતા. તેઓ ઘરની બહાર નીકળતાં જ આરોપી કરણસિંહે તલવારનો ઘા માથાના પાછળના ભાગે તેમજ ડાબા હાથના ખભાના નીચેના ભાગે તથા જમણા હાથના અંગૂઠા પર માર્યો હતો. આ સમયે કેતનભાઈ વચ્ચે પડતાં આરોપી કરણસિંહે તલવારનો ઘા તેમને પણ માર્યો હતો, જેનાથી ડાબા હાથની હથેળીના નીચેના ભાગે આઠ ટાંકા તથા ડાબા હાથની ચોથી આંગળીમાં પાંચ ટાંકા આવ્યા હતા. તેમના પિતા બાધુભાઈ વચ્ચે પડતાં તેમને પણ તલવારના ઘા મારી ઈજા પહોંચાડી ગાળો આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.આર. ભાચક વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા બાળાપૂજન અને શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૧૯

રાજુલા શહેરમાં નવરાત્રી પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા બાળપૂજન અને શસ્ત્રપૂજનના કાર્યક્રમો યોજાયા હતા. કુંભારવાડા અંબાજી મંદિર, ઔદિચ્ય બ્રહ્મસમાજ વાડી, ખોડિયાર મંદિર અને ગુરુકુલ પાસે આવેલા અંબે મંદિર સહિત વિવિધ સ્થળોએ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.



બાળાઓને નવદુર્ગાનું સ્વરૂપ માની તેમનું પૂજન કરવામાં આવ્યું હતું. સાથે જ શસ્ત્રપૂજન દ્વારા ભારતીય પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી હતી.

પીપળા શેરી ખાતે બાપા સીતારામ યુવા ગરબી મંડળ દ્વારા પણ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના આગેવાનો યુવરાજભાઈ ચાંદુ, ચિરાગભાઈ જોષી, નિમેષ ઠાકર, રવિ ઝાલા અને મનીષભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. મહંત કનુબાપુ ગોંડલિયા, ધીરજગિરી બાપુ અને ભરતભાઈ વ્યાસનું સન્માન કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૨૦-૧૦-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૨૪,
સૂર્યાસ્ત-૦૫:૪૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા. ૨૦-૧૦-૨૦૨૬ મંગળવાર

મેષ:આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો.

વૃષભ: આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમને દરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે.

મિથુન: ગ્રહોની શુભ અસરોથી આજે તમારો શુભ દિવસ રહેશે. વિરોધીઓ રાજકીય ક્ષેત્રે તમને પાછળ છોડી દેવાનો પ્રયત્ન કરશે. ધીરે ધીરે તમે સફળતા તરફ આગળ વધશો.

કર્ક: આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. વિરોધીઓની ષડયંત્ર નિષ્ફળ જશે અને તમે સફળતાના માર્ગ પર આગળ વધશો.

સિંહ: આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. રાશિ સ્વામી બુધના અન્ય ગ્રહો સાથે યોગ બનાવવાના કારણે તમને બૌદ્ધિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા મળશે.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્ત્રોત મળશે.

તુલા: આજનો દિવસ ખાસ છે. આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે અને તમે આજે લેતા નિર્ણયોથી તમને ફાયદો થશે. સંતાન પક્ષના લગ્નજીવનમાં વિઘ્નોનો અંત આવશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે.

ધન: દિવસ કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિ જેવો દેખાય છે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે.

મકર: વિશેષ ગ્રહો તમારી સફળતા માટે માર્ગ તૈયાર કરશે. કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો,નબળા શત્રુઓ પર વિજય અને તમામ પ્રકારની આશાઓ આજે પૂર્ણ થશે.

કુંભ: આજે તમારી તરફેણમાં એક મહત્વપૂર્ણ વ્યવસાયિક કરાર ફાઇનલ કરવામાં આવશે તે તમારા મનમાં એક અલગ પ્રકારનો આનંદ લાવશે.

મીન: આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-સંપત્તિનો વિવાદ પણ હલ થશે.

# સાવરકુંડલા તાલુકા કલા મહાકુંભની કે.કે. હાઈસ્કૂલ ખાતે ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલામાં તાલુકા યુવક મંડળ સંચાલિત કલા મહાકુંભનું આયોજન ૧૧-૧૦-૨૦૨૬ના રોજ કે.કે હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા તથા ગ્રામ્ય વિસ્તાર ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સાહિત્ય, સંગીત અને કલાની ૧૬ જેટલી સ્પર્ધાઓમાં



પ્રાથમિક શાળાથી લઈને કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન અને વ્યવસ્થા સાવરકુંડલા તાલુકા યુવક મંડળના પ્રમુખ દેવચંદભાઈ સાવલિયા તથા યુવક મંડળના સભ્યોએ કર્યું હતું. આ સ્પર્ધાઓમાં જજ તરીકે કુલ ૪૨ ભાઈઓ-બહેનોએ સેવા આપી હતી. આ કાર્યક્રમ ને સફળ બનવવા મંડળના અરવિંદભાઈ રીબડીયા, રવિભાઈ ચૌહાણ, ભરતભાઈ કોઠારી, નીતિનભાઈ નડિયાદરા, આકાશભાઈ પંડ્યા, અશોકભાઈ અગ્રાવત ઉપરાંત જિલ્લા યુવા વિકાસ અધિકારી ઓફિસના હરેશભાઈ મેટલીયાએ સેવા આપી હતી,

# રાજુલા તાલુકાના કડિયાળી ગામે મહિલાને ગાળો આપી માર માર્યો

રાજુલા, તા.૧૯

રાજુલાના કડિયાળી ગામે એક મહિલાને ભૂંડી ગાળો આપી ઝાપટ મારવામાં આવી હતી. બનાવ અંગે હિરૂબેન લખમણભાઈ ખુમાણ (ઉ.વ.૫૫)એ સંજયભાઈ ધનજીભાઈ ખસિયા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, હિરૂબેનના પડોશમાં રહેતા બે ભાઈઓ ઘરની બહાર માથાકૂટ કરતા હતા. જેથી તેઓ બંને ભાઈઓને સમજાવવા ગયા હતા.

આ બાબત આરોપી સંજયભાઈને સારી ન લાગતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી ઢોલ-ઝાપટ મારી હતી. ઉપરાંત છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટના અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી. ઝીંઝાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લાઠીના જાનબાઈ દેરડી ગામે પુરુષને લાકડી વડે ફટકાર્યો

લાઠી, તા.૧૯

લાઠીના જાનબાઈ દેરડી ગામે દીકરી ભગાડી જવા મુદ્દે એક પુરુષને લાકડી વડે ફટકારવામાં આવ્યો હતો. બનાવ અંગે ઢસા ખાતે રહેતા ભરતભાઈ કાનજીભાઈ ભેંસજાળીયા (ઉ.વ.૫૦)એ મેઘાભાઈ રાઠોડ અને તેમના દીકરા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યા મુજબ, ભરતભાઈના નાના ભાઈની દીકરીને મેઘાભાઈનો દીકરો ભગાડીને લઈ ગયો હતો. જેથી તેમણે મેઘાભાઈ પાસે આવીને પોતાના નાના ભાઈની દીકરી પાછી સોંપી દેવા બાબતે વાતચીત કરી હતી. આથી આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. ત્યારબાદ બંને આરોપીઓએ લાકડીઓ વડે શરીરે આડેધડ માર મારતાં ભરતભાઈને શરીરે તેમજ ગુપ્ત ભાગે મૂંઢમાર ઈજા થઈ હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

લાકડી વડે માર મારતી વખતે તેમના ખિસ્સામાં રહેલા ફોન પર ઘા વાગતાં ફોન તૂટી ગયો હતો, જેથી આશરે રૂ.૨૦,૦૦૦નું નુકસાન થયું હતું. ઘટના અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે વિદાય સન્માન સમારંભ યોજાયો

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલાની શ્રી કે. કે. હાઈસ્કૂલ ખાતે મદદનીશ શિક્ષક શ્રી જયંતીભાઈ ખડદિયા અને સેવક શ્રી સલીમભાઈ ચાવડાનો નિવૃત્તિ નિમિત્તે ભાવસભર 'વિદાય સન્માન સમારંભ' યોજાયો હતો. નૂતન કેળવણી મંડળના પ્રમુખશ્રી ચંદ્રિકાબેન કામદાર, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકુંદભાઈ નાગ્રેચા અને આચાર્યશ્રી ચેતનભાઈ ગુજરિયા



સહિત અનેક શિક્ષણવિદો, આચાર્યો અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા બંને નિવૃત્ત કર્મચારીઓની નિષ્ઠા, ચોકસાઈ અને શિક્ષણ-સાહિત્ય પ્રત્યેના યોગદાનને બિરદાવી શાલ, સન્માનપત્ર તથા મોમેન્ટો આપીને ભાવભર્યું બહુમાન કરવામાં આવ્યું હતું.

તંત્રી લેખ

# લોકશાહીનો અવાજ અને કાયદાનું શાસન

લોકશાહીનું સૌંદર્ય એ છે કે સામાન્ય નાગરિક પણ સત્તાધીશોને પ્રશ્ન પૂછી શકે છે અને પોતાની માગણીઓ માટે જાહેર મંચ પર અવાજ ઉઠાવી શકે છે. પરંતુ કોઈ પણ લોકશાહી વ્યવસ્થામાં સ્વતંત્રતા અને શિસ્ત વચ્ચે સંતુલન જાળવવું અનિવાર્ય છે. જ્યારે કોઈ આંદોલન ચર્ચામાં આવે છે, ત્યારે તેની માગણીઓની સાથે તેની કાર્યપધ્ધતિ, નેતૃત્વ અને કાયદા પ્રત્યેના અભિગમનું મૂલ્યાંકન પણ થવું જોઈએ. દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટી તરીકે ઓળખાતા **CJP** જૂથ અને તેની સાથે જોડાયેલા કાર્યકરો અંગે સર્જાયેલી પરિસ્થિતિ આ દૃષ્ટિએ ચર્ચાસ્પદ બની છે.

જંતર-મંતર ખાતેના વિરોધ પ્રદર્શનો અને પોલીસ દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે આ જૂથની પ્રવૃત્તિઓ અંગે વિવાદ ઊભો થયો હતો. જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન માટે નક્કી કરાયેલા નિયમોનો હેતુ નાગરિકોની સલામતી અને જાહેર વ્યવસ્થા જાળવવાનો છે. તેથી કોઈ પણ સંગઠને પોતાની માગણીઓ રજૂ કરતી વખતે પરવાનગીની શરતો અને લાગુ પડતી કાનૂની જોગવાઈઓને ધ્યાનમાં રાખવી જોઈએ. જો પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે મતભેદ ઊભા થાય, તો તેનો ઉકેલ સંવાદ, કાનૂની પ્રક્રિયા અને જવાબદાર વહીવટ દ્વારા લાવવો વધુ યોગ્ય છે.

**CJP** સાથે જોડાયેલા અભિજીત દીપકે અને અન્ય કાર્યકરો અંગેની અટકાયત તથા બાંહેધરી સંબંધિત કાર્યવાહી પણ ચર્ચાનો વિષય બની છે. કેટલાક કાર્યકરો સામે જાહેર વ્યવસ્થા સંબંધિત કાનૂની પગલાં લેવાયાં હોવાના અહેવાલો છે. શાંતિ જાળવવા માટે લેવામાં આવતી બાંહેધરીનો હેતુ ભવિષ્યમાં કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ અટકાવવાનો હોઈ શકે છે. જોકે, આવી બાંહેધરીની ચોક્કસ શરતો અને તેનો ભંગ થવા પરનાં પરિણામો સંબંધિત કાનૂની આદેશ પર આધાર રાખે છે. તેથી તેને સીધી જેલની સજા સાથે સરખાવવાને બદલે કાયદાની જોગવાઈઓ સમજવી જરૂરી છે.

આંદોલન સાથે સંકળાયેલા લોકો વિશે સોશિયલ મીડિયા પર વિવિધ આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. વિદેશી ભંડોળ, મોંઘી જીવનશૈલી અને વિદેશપ્રવાસ જેવા મુદ્દાઓને લઈને સવાલો ઊઠાવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ કોઈ વ્યક્તિના ખર્ચ કે પ્રવાસના આધારે તેના નાણાકીય સ્ત્રોત વિશે અંતિમ નિર્ણય લઈ શકાય નહીં. જો ભંડોળના સ્ત્રોત અંગે શંકા હોય, તો તેની તપાસ માટે દસ્તાવેજી પુરાવા અને સંબંધિત કાયદાકીય પ્રક્રિયા જરૂરી છે. આરોપોનું પુનરાવર્તન કરવાથી તે આપમેળે સાબિત હકીકત બની જતા નથી.

દિલ્હીની આ ઘટનાનો સાર એટલો જ છે કે લોકશાહી માત્ર વિરોધ કરવાની છૂટમાં નહીં, પરંતુ વિરોધને જવાબદારીપૂર્વક વ્યક્ત કરવાની સંસ્કૃતિમાં પણ વસે છે. નાગરિકોએ પ્રશ્નો પૂછવા જોઈએ, સંગઠનોએ પારદર્શિતા જાળવવી જોઈએ અને સત્તાવાળાઓએ નિષ્પક્ષ રીતે કાયદાનો અમલ કરવો જોઈએ. કોઈ પણ પક્ષ કે જૂથ કાયદાથી ઉપર નથી, તેમ જ કાયદાનો ઉપયોગ ન્યાયના સિદ્ધાંતોની વિરુધ્ધ થવો જોઈએ નહીં. જ્યારે સ્વતંત્રતા, જવાબદારી અને ન્યાય સાથે આગળ વધે છે, ત્યારે જ લોકશાહી વધુ મજબૂત બને છે.

# વિજયાદશમી : સત્ય, શૌર્ય અને સદાચારના વિજયનું પવિત્ર પર્વ



પ્રાસંગિક

સુરેશ દેસાઈ

આ દુનિયામાં પરાજય કોઈ પસંદ કરતું નથી સૌ કોઈ વિજય પસંદ કરે છે કોઈપણ કાર્યમાં વિજય મળવો જોઈએ, સફળતા મળવી જોઈએ વિજય આળસ પર મેળવવો આજની તારીખે જરૂરી છે આ એક વ્યક્તિગત બાબત છે પરંતુ તેના થકી વ્યક્તિની પ્રગતિ થાય છે અને સફળતા મળે છે આવી રીતે સમાજ અને રાષ્ટ્રમાં પણ જે દુર્ગુણો છે જે અધર્મ છે તેના પર વિજય મળે તે અત્યંત જરૂરી છે આના કારણે સદીઓથી આપણા દેશમાં વિજયાદશમીનો ઉત્સવ ઉજવવામાં આવે છે.

આ દિવસ માત્ર ધાર્મિક આસ્થા કે પરંપરાનું પ્રતીક નથી, પરંતુ માનવીને પોતાના જીવનમાં રહેલી નબળાઈઓને દૂર કરીને સારા માર્ગે આગળ વધવાની પ્રેરણા આપતો ઉત્સવ પણ છે. ભારતીય સંસ્કૃતિએ હંમેશાં સત્ય, ન્યાય, કરુણા અને ધર્મને જીવનનાં મહત્ત્વનાં મૂલ્યો ગણ્યાં છે. વિજયાદશમી આ જ મૂલ્યોની સ્થાપના અને તેમના વિજયનો સંદેશ આપે છે.

વિજયાદશમીના નામમાં જ વિજયનો ભાવ સમાયેલો છે. વિજય એટલે સફળતા અને દશમી એટલે દશમો દિવસ. આ દિવસને શુભ કાર્યની શરૂઆત માટે પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ભારતીય પરંપરામાં એવી માન્યતા છે કે આ દિવસે શરૂ કરવામાં આવેલું કાર્ય શુભ ફળ આપે છે. જોકે, કોઈપણ કાર્યમાં સાચી સફળતા મેળવવા માટે માત્ર શુભ દિવસની પસંદગી પૂરતી નથી. તેની સાથે નિષ્ઠા, મહેનત, ધીરજ અને સારા ઈરાદા પણ જરૂરી છે. વિજયાદશમી આપણને સમજાવે છે કે જીવનમાં સફળતા મેળવવી હોય તો સારા વિચારો અને સદાચારને જીવનનો આધાર બનાવવો જોઈએ.

વિજયાદશમી સાથે બે મુખ્ય ધાર્મિક પ્રસંગો જોડાયેલા છે. એક તરફ ભગવાન શ્રીરામે રાવણનો વધ કરીને અધર્મ પર ધર્મનો વિજય સ્થાપ્યો હતો, તો બીજી તરફ માતા દુર્ગાએ મહિષાસુર નામના અસુરનો સંહાર કરીને દુષ્ટ શક્તિઓથી જગતને મુક્ત કર્યું હતું. આ બંને પ્રસંગો ભારતીય જનમાનસમાં સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાય તથા સદાચાર અને દુષ્ટતા વચ્ચેના સંઘર્ષનાં પ્રતીક બની રહ્યા છે. આ કથાઓનો હેતુ માત્ર ભૂતકાળની ઘટનાઓનું સ્મરણ કરવાનો નથી, પરંતુ માનવીને વર્તમાન જીવનમાં સારા માર્ગે ચાલવાની પ્રેરણા આપવાનો પણ છે.

ભગવાન શ્રીરામ અને રાવણની કથા વિજયાદશમીના પર્વનું સૌથી જાણીતું પ્રતીક છે. રામાયણ અનુસાર, લંકાના રાજા રાવણે સીતાનું અપહરણ કર્યું હતું. પોતાની પત્નીને પાછી મેળવવા અને અન્યાયનો અંત લાવવા માટે ભગવાન શ્રીરામે વાનરસેનાની સહાયથી લંકા પર ચઢાઈ કરી. ભયંકર યુધ્ધના અંતે શ્રીરામે રાવણનો વધ કર્યો અને સીતાને મુક્ત કરાવ્યાં. આ પ્રસંગ ધર્મ અને ન્યાયની સ્થાપનાના પ્રતીક તરીકે યાદ કરવામાં આવે છે.

રાવણ વિદ્વાન હતો, શક્તિશાળી હતો અને તેની પાસે અનેક પ્રકારનું જ્ઞાન હતું. તેમ છતાં, તેના અહંકાર, અન્યાય અને અનૈતિક વર્તને તેના પતનનો માર્ગ તૈયાર કર્યો. આ કથા માનવીને એક મહત્ત્વપૂર્ણ પાઠ શીખવે છે કે જ્ઞાન, સંપત્તિ અને સત્તા પ્રાપ્ત કરવી એ જ જીવનની સાચી સફળતા નથી. આ બધાંની સાથે વિનમ્રતા, નૈતિકતા અને બીજાં પ્રત્યે સન્માનની ભાવના હોવી જોઈએ. જ્યારે વ્યક્તિ પોતાની શક્તિનો ઉપયોગ બીજાને દુઃખ પહોંચાડવા માટે કરે છે, ત્યારે તેની સિદ્ધિઓ પણ તેને પતનથી બચાવી શકતી નથી.

વિજયાદશમીના દિવસે અનેક સ્થળોએ રાવણ, કુંભકર્ણ અને મેઘનાદનાં પૂતળાંનું દહન કરવામાં આવે છે. આ પરંપરા દ્વારા દુષ્ટતાના અંત અને સદાચારના વિજયનો સંદેશ આપવામાં આવે છે. લોકો મેદાનોમાં એકત્રિત થાય છે, રામલીલાનું આયોજન થાય છે અને અંતે પૂતળાંનું દહન કરવામાં આવે છે. બાળકો અને યુવાનો માટે આ પ્રસંગ આનંદ અને ઉત્સાહનો અવસર બને છે. જોકે, આ પરંપરાનું સાચું મહત્ત્વ ત્યારે જ સમજાય, જ્યારે આપણે રાવણના પૂતળાની સાથે પોતાના મનમાં રહેલા અહંકાર, ક્રોધ, ઈર્ષ્યા, લોભ અને દ્વેષને પણ દૂર કરવાનો સંકલ્પ કરીએ.

માતા દુર્ગા અને મહિષાસુરની કથા પણ વિજયાદશમીના પર્વને વિશેષ મહત્ત્વ આપે છે. પૌરાણિક માન્યતા અનુસાર, મહિષાસુરે પોતાની શક્તિના અભિમાનમાં દેવતાઓ અને સમગ્ર જગતને ત્રાસ આપ્યો હતો. તેની દુષ્ટતાનો અંત લાવવા માટે માતા દુર્ગાએ યુધ્ધ કર્યું અને અંતે તેનો સંહાર કર્યો. આ વિજયને સ્ત્રીશક્તિ, સાહસ અને ન્યાયની સ્થાપનાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. માતા દુર્ગાની આરાધના આપણને યાદ અપાવે છે કે શક્તિનો સાચો અર્થ બીજાઓ પર વર્ચસ્વ જમાવવો નથી, પરંતુ નિર્બળનું રક્ષણ કરવું અને અન્યાય સામે અવાજ ઉઠાવવો છે.

આજના સમયમાં આ સંદેશનું વિશેષ મહત્ત્વ છે. સમાજમાં મહિલાઓ પ્રત્યે ભેદભાવ, હિંસા અને અન્યાયની ઘટનાઓ આપણને વિચારવા મજબૂર કરે છે. જો આપણે ખરેખર માતાજીની ઉપાસના કરતા હોઈએ, તો મહિલાઓને સમાન સન્માન, સુરક્ષા અને સ્વતંત્રતા આપવી આપણી સામાજિક જવાબદારી છે. દીકરીઓને શિક્ષણની સમાન તકો આપવી, તેમના સપનાંને પ્રોત્સાહન આપવું અને તેમની ક્ષમતામાં વિશ્વાસ રાખવો એ પણ શક્તિની ઉપાસનાનું એક વ્યવહારુ સ્વરૂપ છે. માત્ર પૂજા કરવાથી જ નહીં, પરંતુ પોતાના વર્તનમાં સન્માન અને સમાનતા ઉતારવાથી જ તહેવારનો સંદેશ સાર્થક બને છે વિજયાદશમી આપણને આત્મવિજયનું મહત્ત્વ પણ સમજાવે છે. દુનિયાને જીતવા કરતાં પોતાના મનને જીતવું ઘણી વાર વધારે મુશ્કેલ હોય છે. ક્રોધ આવે ત્યારે શાંત રહેવું, મુશ્કેલી આવે ત્યારે હિંમત ન હારવી, સફળતા મળે ત્યારે અહંકાર ન કરવો અને નિષ્ફળતા મળે ત્યારે નિરાશ ન થવું એ જીવનના સાચો વિજય છે. માણસ બહારની દુનિયામાં કેટલીય સિદ્ધિઓ મેળવે, પરંતુ જો તે પોતાની વૃત્તિઓ પર નિયંત્રણ રાખી શકતો ન હોય, તો તેની સફળતા અધૂરી રહે છે. આજના યુગમાં માણસ પાસે જ્ઞાનનાં અનેક સાધનો છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને આધુનિક સંચારનાં માધ્યમોએ જીવનને સરળ બનાવ્યું છે. છતાં, માનવીય સંબંધોમાં તણાવ, અસહિષ્ણુતા, સ્વાર્થ અને માનસિક અશાંતિ જેવી સમસ્યાઓ જોવા મળે છે. આવી સ્થિતિમાં વિજયાદશમીનો સંદેશ વધુ પ્રસ્તુત બને છે. આપણે બીજાની સફળતાથી ઈર્ષ્યા કરવાને બદલે તેમની પાસેથી પ્રેરણા લેવી જોઈએ. મતભેદ હોય તો સંવાદ દ્વારા ઉકેલ શોધવો જોઈએ. કોઈ વ્યક્તિ ભૂલ કરે તો તેને સુધરવાની તક આપવી જોઈએ. સમાજમાં શાંતિ અને સહકારનું વાતાવરણ ઊભું કરવા માટે સહનશીલતા અને પરસ્પર સન્માન જરૂરી છે.

વિજયાદશમીનો પર્વ આપણને કર્મની મહત્તા પણ સમજાવે છે. જીવનમાં કોઈપણ વિજય એક દિવસમાં પ્રાપ્ત થતો નથી. તેની પાછળ સતત પ્રયત્ન, શિસ્ત, આયોજન અને ધીરજ રહેલાં હોય છે. વિદ્યાર્થીઓ માટે આ પર્વ અભ્યાસમાં નિયમિતતા જાળવવાનો સંદેશ આપે છે. યુવાનો માટે તે પોતાના લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન રહેવાની પ્રેરણા છે. ખેડૂતો, શ્રમિકો, વેપારીઓ અને કર્મચારીઓ માટે આ દિવસ પોતાની ફરજ પ્રત્યે સમર્પિત રહેવાનો સંકલ્પ કરવાનો અવસર છે. જે વ્યક્તિ નિષ્ઠાપૂર્વક મહેનત કરે છે અને મુશ્કેલીઓ સામે ઝૂકવાને બદલે તેમનો સામનો કરે છે, તે અંતે સફળતાની નજીક પહોંચે છે.

ભારતીય પરંપરામાં વિજયાદશમીના દિવસે શસ્ત્રપૂજા અને સાધનોની પૂજા કરવાની પ્રથા પણ છે. કેટલાક પ્રદેશોમાં વાહનો, પુસ્તકો, ખેતીનાં સાધનો અને વ્યવસાયમાં ઉપયોગમાં લેવાતાં ઉપકરણોની પૂજા કરવામાં આવે છે. આ પરંપરાનો ભાવ એ છે કે જે સાધનો આપણા જીવનનિર્વાહ અને પ્રગતિમાં મદદરૂપ બને છે, તેમનું સન્માન કરવું જોઈએ. જોકે, સાધનોની પૂજા સાથે તેમનો યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો પણ એટલો જ જરૂરી છે. શસ્ત્રોનું મહત્ત્વ રક્ષણમાં છે, વિનાશમાં નહીં. જ્ઞાનનું મહત્ત્વ માનવકલ્યાણમાં છે, અહંકારમાં નહીં. સંપત્તિનું મહત્ત્વ જીવનને સમૃદ્ધ બનાવવામાં છે, અન્યાયી શોષણમાં નહીં.

## શબ્દ સંજોગ-૨૨૮૩



**આડી ચાવી :**
(૧) પોટલી, બચકી (૩)
(૩) ગ્રહની નઠારી અસર મટાડવા અપાતુ દાન (૪)
(૬) જગત,દુનિયા (૨)
(૭) વહેનારુ, ઉંચકનારુ (૩)
(૮) સોનુ (૨)
(૧૦) આશ્રય, રક્ષણ (૩)
(૧૧) આશ્ચર્ય, નવાઈ (૩)
(૧૨) ઈરાન દેશ (૩)
(૧૩) અભિપ્રાય, સંપ્રદાય (૨)
(૧૪) માર્ગ પર પાણી પીવા માટેનુ સ્થાન (૩)
(૧૫) સોગન, કસમ (૨)
(૧૬) ઈસ્લામના એક ખલીફ (૨)
(૧૭) પક્ષ, બાજુ (૩)
(૧૯) તાપ, ઉકળાટ (૨)
(૨૦) કુશનો ભાઈ (૨)
(૨૨) દર્દ (૩)
(૨૪) અરજ, ફરિયાદ (૨)
(૨૬) પોતીકુ, અંગત (૨)
(૨૭) એક ધાન (૨)
(૨૮) મુકામ, વસવાટ (૨)
(૨૯) એક પક્ષી (૨)
(૩૦)...મિલો સજના (૨)
(૩૧) સીમા, મર્યાદા (૨)

**ઉભી ચાવી :**
(૧) પહોર-પહોરને આંતરે ઘડીયાળમાં વાગે તે (૩)
(૨) ઠગનારુ (૨)
(૩) લેવુ કે પકડવુ તે (૩)
(૪) દાવો, અધિકાર (૨)
(૫) મોટી નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
(૭) મરનારની મિલકતનો હકદાર (૩)
(૯) "તૌ બા યે..... ચાલ...!" (૪)
(૧૦) ફળમાંથી બનાવેલુ પીણુ (૪)
(૧૧) પ્રીતિ, ભાવ (૨)
(૧૨) છેડો, અંત (૨)
(૧૩) બાળ ભાષામાં ખાવાનું (૨)
(૧૪) એક અટક (૩)
(૧૫) એક ફળ (૫)
(૧૬) ગુજરાતનુ એક શહેર (૫)
(૧૮) બાતલ કરેલુ, નકામુ (૨)
(૨૧) ગોદામ (૩)
(૨૩) દાવાનળ, વન (૨)
(૨૫) એક રકમ (૨)

## શબ્દ સંજોગ-૨૨૮૨ જવાબ

**આડી ચાવીઃ** (૧) પ્રત્યવાય (૪) કૃપા (૭) મમત (૯) સમર (૧૧) ખ્યાલ (૧૩) રમત (૧૫) નવ (૧૬) અતલ (૧૭) ચીવટ (૨૦) રંક (૨૧) લક્ષ (૨૨) નંદન (૨૪) ચૈત્ય (૨૫) રેલમછેલ (૨૯) મૌર્ય (૩૦) જવ (૩૧) ડોબરમેન.

**ઉભી ચાવીઃ** (૧) પ્રત્યાખ્યાન (૨) વામ (૩) યમ (૫) પાસત(તપાસ) (૬) શરત (૮) તરત (૧૦) મવાલ (૧૨) લવચીક (૧૪) મલ (૧૬) અટલ (૧૮) આનંત્ય (૧૯) શ્યેન (૨૦) રંગરજ (૨૩) હેમ (૨૬) લવ (૨૭) છેડો (૨૮) લબ (૨૯) મૌન.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૭૫૦ | ૧૯૮૦ |
| ઘઉં લોકવન | ૫૫૫ | ૬૪૮ |
| ઘઉં ટુકડા | ૫૬૩ | ૭૨૦ |
| જુવાર સફેદ | ૧૫૦૧ | ૧૫૭૫ |
| જુવાર પીળી | ૪૫૭ | ૫૪૧ |
| બાજરી | ૪૭૦ | ૫૩૬ |
| તુવેર | ૧૪૦૦ | ૨૦૩૯ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ચણા સફેદ | ૧૪૭૫ | ૨૧૯૯ |
| અડદ | ૧૪૮૦ | ૨૦૬૮ |
| મગ | ૧૧૫૦ | ૧૮૯૫ |
| વાલ દેશી | ૩૭૦ | ૧૬૩૮ |
| ચોળી | ૫૦૪ | ૨૧૦૧ |
| વટાણા | ૮૦૦ | ૧૧૨૨ |
| કળથી | ૪૨૩ | ૮૦૧ |
| રાજમા | ૧૮૦૦ | ૨૧૪૦ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૯૫ |
| મગફળી જાડી | ૧૨૧૫ | ૧૬૫૦ |
| મગફળી જીણી | ૧૨૪૧ | ૧૭૧૨ |
| તલી | ૨૨૦૦ | ૩૨૨૬ |
| એરંડા | ૧૨૦૦ | ૧૬૪૦ |
| અજમો | ૧૦૦૦ | ૩૦૦૧ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૬૦૦ |
| સીંગફાડા | ૧૪૭૫ | ૧૬૭૫ |
| કાળા તલ | ૨૮૦૦ | ૪૦૮૦ |
| લસણ | ૧૦૦૦ | ૨૫૨૫ |
| ધાણા | ૨૮૦૦ | ૩૧૨૫ |
| મરચા સુકા | ૩૩૦૦ | ૬૧૦૦ |
| ધાણી | ૨૯૦૦ | ૩૧૫૦ |
| જીરૂ | ૪૭૨૦ | ૫૩૧૧ |
| રાય | ૧૩૦૦ | ૧૯૪૪ |
| મેથી | ૮૦૦ | ૨૧૪૮ |
| ઇસબગુલ | ૧૦૦૧ | ૨૮૦૦ |
| કલોંજી | ૪૩૪૫ | ૫૦૫૦ |
| રાયડો | ૧૫૦૦ | ૧૭૦૦ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૯૦૦૦ |
| ગુવારનું બી | ૧૫૫૦ | ૧૭૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૮૨૨ | ૩૬૩૪ |
| પપૈયા | ૧૪૨ | ૩૧૦ |
| બટેટા | ૯૪ | ૩૦૯ |
| ડુંગળી સુકી | ૩૬૧ | ૮૯૧ |
| ટમેટા | ૧૩૯ | ૩૧૨ |
| સુરણ | ૪૧૩ | ૫૯૭ |
| કોથમરી | ૭૭૬ | ૧૧૮૯ |
| મુળા | ૨૮૬ | ૪૯૦ |
| રીંગણા | ૧૧૫ | ૩૦૨ |
| કોબીજ | ૪૫ | ૯૨ |
| ફ્લાવર | ૧૪૯ | ૨૫૩ |
| ભીંડો | ૩૭૬ | ૭૧૧ |
| ગુવાર | ૫૯૩ | ૧૦૨૩ |
| ચોળાસીંગ | ૩૩૭ | ૭૯૧ |
| વાલોળ | ૫૨૫ | ૭૧૮ |
| ટીંડોળા | ૨૧૬ | ૬૦૩ |
| દુધી | ૧૨૫ | ૨૧૦ |
| કારેલા | ૧૫૮ | ૩૧૫ |
| સરગવો | ૬૫૪ | ૧૩૧૪ |
| તુરીયા | ૪૮૮ | ૫૮૭ |
| પરવર | ૫૧૩ | ૭૧૮ |
| કાકડી | ૨૪૭ | ૯૦૫ |
| ગાજર | ૨૨૭ | ૩૯૬ |
| વટાણા | ૨૦૨૬ | ૩૦૫૨ |
| તુવેરસીંગ | ૪૧૫ | ૬૧૯ |
| કંટોળા | ૧૭૭૮ | ૨૦૨૭ |
| ગલકા | ૨૧૬ | ૩૫૮ |
| બીટ | ૩૨૩ | ૫૮૭ |
| મેથી | ૮૨૨ | ૧૨૩૧ |
| વાલ | ૭૦૫ | ૧૦૧૬ |
| ડુંગળી લીલી | ૨૫૫ | ૪૧૮ |
| આદુ | ૧૨૪૮ | ૩૦૧૬ |
| મરચા લીલા | ૨૧૩ | ૬૮૦ |
| હળદર લીલી | ૫૧૨ | ૬૯૨ |
| લસણ લીલું | ૨૦૩૪ | ૨૬૧૪ |
| મગફળી લીલી | ૫૫૨ | ૮૪૮ |
| મકાઇ લીલી | ૧૫૪ | ૩૦૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૯૪૧ |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૮૫૬ |
| સિંગદાણા જાડા | ૧૭૦૦ | ૧૯૬૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૨૦૦૦ |
| એરંડા / એરંડી | ૧૪૫૧ | ૧૭૦૬ |
| તલ લાલ | ૨૯૩૧ | ૨૯૩૧ |
| જીરૂ | ૨૩૫૧ | ૫૫૪૧ |
| ધાણા | ૨૮૦૧ | ૩૩૦૧ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૯૯૧ |
| અડદ | ૧૦૦૦ | ૨૦૧૧ |
| તુવેર | ૧૦૭૬ | ૨૦૦૧ |
| રાય | ૧૮૫૧ | ૧૮૫૧ |
| મેથી | ૮૨૬ | ૧૬૦૧ |
| કાંગ | ૬૨૧ | ૬૬૧ |
| સુરજમુખી | ૫૦૦ | ૫૦૦ |
| તલ - તલી | ૨૦૦૦ | ૩૧૬૧ |
| ધાણી | ૩૦૫૧ | ૩૩૯૧ |
| બાજરો | ૪૦૧ | ૪૮૧ |
| જુવાર | ૬૭૬ | ૧૩૦૧ |
| મગ | ૭૭૬ | ૧૭૭૧ |
| વાલ | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ચોળા / ચોળી | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ગોગળી | ૯૪૧ | ૧૫૩૧ |
| વટાણા | ૪૦૦ | ૯૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૫૦ | ૩૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | 30 | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૬૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૪૪૦ |
| વટાણા | ૨૬૦૦ | ૩૨૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૨૩૮૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૮૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૩ | ૭ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| કાચા કેળા | ૧૬૦ | ૩૦૦ |
| ચુરણ | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૨૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૪ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૧૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૫૦૦ |
| વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ ગીરનાર | ૮૦૦ | ૧૫૫૦ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૯૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૮૧૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૩૬૯૦ |
| તલ કાળા | ૨૪૧૦ | ૪૩૩૦ |
| તલ કાશમીરી | ૨૮૬૦ | ૨૮૭૫ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૭૫૫ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૫૮૦ |
| મકાઇ | ૪૦૦ | ૫૭૫ |
| અડદ | ૧૪૮૦ | ૧૮૬૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૯૦ |
| સફેદ ચણા | ૧૩૯૦ | ૧૪૯૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૧૮૦ | ૧૯૮૦ |
| એરંડા | ૧૫૭૦ | ૧૫૮૦ |
| જીરૂ | ૪૪૪૦ | ૫૩૭૫ |
| ધાણી | ૨૫૦૦ | ૨૭૫૫ |
| અજમા | ૩૧૧૦ | ૩૩૪૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૪૫૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૫૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૨૦ |
| શકકરીયા | ૭૫૦ | ૮૫૦ |
| ટમેટાં | ૩૦૦ | ૩૮૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૧૦ |
| કારેલા | ૫૩૦ | ૬૨૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| મૂળા | ૧૭૦ | ૨૪૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૨૬૫૦ | ૨૮૫૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૭૩૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૨૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૬૫૦ | ૭૨૦ |
| સરગવો | ૧૨૨૦ | ૧૩૩૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૭૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૦૦૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૬૫૦ | ૨૭૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૫૦ |
| લીલીતુવેર | ૬૦૦ | ૭૦૦ |
| લીલાચોળા | ૮૦૦ | ૯૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૬૫૦ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૬૮૦ |
| તલ સફેદ | ૨૬૭૫ | ૩૧૪૯ |
| તલ કાળા | ૩૨૫૦ | ૪૧૩૫ |
| જીરૂ | ૪૯૦૦ | ૫૩૦૧ |
| કપાસ | ૧૯૦૦ | ૧૯૮૦ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૯૪ |
| બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| જુવાર | ૭૦૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૪૯૦ |
| દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૨૦ |
| એરંડી | ૧૫૦૦ | ૧૭૫૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૪૧૧ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૨૫ |
| અજમા | ૨૩૦૦ | ૨૮૧૧ |
| રજકાબી | --- | ૮૦૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૮૦૦ | ૧૯૭૦ |
| મગફળી | ૧૩૯૬ | ૧૫૧૬ |
| ઘઉં | ૪૯૫ | ૫૪૨ |
| ચણા | ૮૦૦ | ૧૩૨૦ |
| તુવેર | ૧૬૨૫ | ૧૬૨૫ |
| અડદ | ૧૭૫૫ | ૧૮૮૦ |
| સોયાબીન | ૧૧૩૫ | ૧૪૧૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૭૦૦ | ૧૯૯૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૩ |
| તલ કાળા | ૨૨૪૦ | ૨૯૨૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૫૦૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| જુવાર | ૧૨૫૧ | ૧૨૫૧ |
| લશણ | ૮૦૫ | ૮૦૫ |
| સોયાબીન | ૯૦૫ | ૧૪૪૬ |
| ધાણા | ૨૪૫૫ | ૨૪૫૫ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૦૯ |
| કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૩૫૦ | ૧૫૭૮ |
| જીરૂ | ૫૦૦૦ | ૫૨૫૦ |
| ચણા | ૧૨૦૫ | ૧૩૭૦ |
| ઘઉં | ૫૧૦ | ૫૭૨ |
| અડદ | ૧૭૭૦ | ૧૮૧૦ |
| સોયાબીન | ૧૩૪૦ | ૧૩૭૮ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૨૯૭૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૮૧ |
| ઘઉં | ૫૦૧ | ૫૭૦ |
| મકાઈ | ૪૧૧ | ૪૧૧ |
| મગ | ૮૦૦ | ૮૦૦ |
| અડદ | ૭૦૧ | ૧૮૦૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૮૯૧ |
| મગફળી | ૭૦૧ | ૧૬૧૧ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૯૬૬ |
| ધાણા | ૨૭૪૧ | ૨૭૪૧ |
| સોયાબીન | ૮૦૦ | ૧૪૬૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૫૦ | ૧૫૭૭ |
| શીંગ ૩૯ | ૧૦૫૦ | ૧૬૪૨ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૦ | ૧૬૫૯ |
| જુવાર | ૪૦૦ | ૧૪૬૨ |
| બાજરી | ૪૮૦ | ૫૭૭ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૧૯ |
| મકાઈ | ૫૫૫ | ૫૫૫ |
| અડદ | ૧૫૪૦ | ૧૯૭૫ |
| મગ | ૧૨૨૦ | ૧૬૦૫ |
| ચણા | ૧૩૯૦ | ૧૪૯૫ |
| તલ સફેદ | ૨૯૮૦ | ૩૧૭૨ |
| તલ કાળા | ૮૦૦ | ૪૦૮૪ |
| તુવેર | ૧૨૦૦ | ૨૦૫૧ |
| જીરૂ | ૪૮૦૦ | ૪૮૦૦ |
| ડુંગળી લાલ નવી | ૨૪૦ | ૮૦૮ |
| ડુંગળી સફેદ જુની | ૮૧ | ૭૯૮ |
| કપાસ શંકર | ૧૭૦૧ | ૧૮૯૦ |
| નાળીયેર | ૩૮૦ | ૨૭૮૦ |
| બાજરો | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગ ૬૬ | ૧૪૦૦ | ૨૧૧૧ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૩૧૫૫ | ૧૫૬૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૫ |
| જુવાર | ૧૨૫૦ | ૧૪૬૪ |
| અડદ | ૧૩૦૦ | ૧૮૬૮ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૨૧ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૭૯૪ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૨૫૫ |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૦૭ |
| સોયાબીન | ૧૧૨૫ | ૧૩૯૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૮૦૦ | ૧૯૫૬ |
| મગફળી | ૧૨૯૫ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૧૨૬૦ | ૧૨૬૦ |
| અડદ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૪૬૦ | ૪૬૧ |
| ઘઉં | ૫૨૫ | ૫૯૧ |
| અડદ | ૧૯૦૦ | ૧૯૬૫ |
| ચોળી | ૧૭૫૦ | ૧૯૦૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૫૩૬ |
| ચણા સફેદ | ૧૪૫૦ | ૨૧૦૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મગફળી 66 NUM | ૧૭૦૦ | ૨૪૭૦ |
| તલી | ૨૯૦૦ | ૨૯૫૦ |
| લસણ | ૮૫૦ | ૨૩૦૦ |
| કપાસ | ૧૮૪૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૧૫૦૦ | ૫૨૨૫ |
| અજમો | ૨૫૧૦ | ૪૦૦૦ |
| અજમાની ભૂસી | ૧૦૦ | ૧૯૦૫ |
| ધાણા ધાણી | ૨૪૦૦ | ૩૦૫૫ |
| મરચા | ૨૦૦૦ | ૪૦૦૦ |
| ડુંગળી સુકી | ૪૩૫ | ૯૩૦ |
| ડુંગળી નાસીક | ૬૫૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૧૨૯૫ | ૧૪૧૦ |
| વટાણા | ૬૧૦ | ૧૦૭૫ |
| કલોંજી | ૪૭૧૫ | ૪૮૪૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૮૮૫ | ૧૯૫૭ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૫૧ | ૧૫૮૩ |
| તલ સફેદ | ૨૯૦૦ | ૩૧૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૨૫ |
| બાજરો | ૪૧૦ | ૫૪૯ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૩૧ |
| જુવાર | ૧૪૦૧ | ૧૪૭૦ |
| મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૪૦૧ |
| અડદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૦૬૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખોડલધામ ટ્રસ્ટ દ્વારા રાજકોટના ચારેય ઝોનમાં નવરાત્રીના આઠમા નોરતે મહાઅષ્ટમીની ભવ્ય ઉજવણી

**ખેલૈયાઓએ મા ખોડલની મહાઆરતી કરી ગરબાની રમઝટ બોલાવી**

રાજકોટ,તા.૧૯



રાજકોટમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આયોજિત ચારેય ઝોનના નવરાત્રી મહોત્સવમાં આઠમા નોરતે મહાઅષ્ટમીની ભવ્ય અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે દીકરીઓએ ત્રિશૂળ ધારણ કરી મા ખોડલ સહિત સાતેય બહેનોના દિવ્ય સ્વરૂપે શણગારેલી કાર અને રેડ કાર્પેટ પર ભવ્ય પધરામણી કરી હતી, જે સૌ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. માતાજીના આગમન સમયે થયેલી અદ્ભુત આતશબાજીથી સમગ્ર પરિસર ઝળહળી ઊઠ્યું હતું. ઉપસ્થિત હજારો ખેલૈયાઓ અને જનમેદનીએ મોબાઈલની ફ્લેશલાઈટ ચાલુ કરી ગ્રાઉન્ડને રોશન કર્યું હતું. સ્ટેજ પર સાતેય બહેનોના સ્વરૂપોનું વિશેષ પૂજન અને દિવ્ય મહાઆરતી સંપન્ન થયા બાદ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવીને વાતાવરણને અલૌકિક બનાવી દીધું હતું.

# કોડીનારમાં સ્કૂલ બસ અને ઈકો વચ્ચે અકસ્માત, મહિલા સહિત બેને ઈજા

કોડીનાર, તા. ૧૯

કોડીનારના ખાંડ ફેક્ટરી રોડ પર સોમનાથ સોસાયટી પાસે આજે સવારે આશરે આઠ વાગ્યે સ્કૂલ બસ અને ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બસની પાછળથી પૂરઝડપે આવેલી ઈકો અથડાતા મહિલા સહિત બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.મળતી માહિતી મુજબ, માળીયા ગામના રહેવાસી અને કોટડા ગામે કરિયાણાની દુકાન



તસવીર : કુલદીપ પાઠક

ધરાવતા ગોવિંદભાઈ આહુજા સહિત એક મહિલાને ઈજા થઈ હતી. ગોવિંદભાઈને વધુ ઈજા થતાં ત્યાંથી પસાર થતા પત્રકાર દિનેશભાઈ જોષીએ તેમને મોટરસાઈકલ પર સરકારી દવાખાને સારવાર માટે પહોંચાડ્યા હતા.હાલ કોડીનાર બાયપાસ રોડ પર સિમેન્ટ રોડની કામગીરી ચાલી રહી છે. માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોની અવરજવરને કારણે ટ્રાફિકની સમસ્યા પણ વધી રહી છે. આવા સંજોગોમાં બેફામ વાહનચાલનથી અકસ્માતનો ભય રહે છે. કોડીનાર-વેરાવળ-ઊના માર્ગ પર ખાનગી વાહનોમાં મુસાફરોની હેરફેર સામે તપાસ કરી નિયમોનું પાલન કરાવવા અને બેદરકાર વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# ઉનાના હેત ઝાલેરાએ ચેસમાં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું

ઉના,તા.૧૯

ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત તાલાલા ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની અંડર-૧૧ ચેસ સ્પર્ધામાં ઉનાના હેત ગૌતમકુમાર ઝાલેરાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. ફિડે રેટેડ ખેલાડી હેતે પોતાની બુદ્ધિ અને એકાગ્રતાથી વિજય મેળવ્યો હતો. આ સિદ્ધિ બદલ તેને જિલ્લા વિજેતા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. હેતના માતા-પિતા બંને તલાટી તરીકે સરકારી ફરજ બજાવે છે. તેઓ વ્યસ્તતા છતાં પુત્રને



ચેસમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધારવા પ્રયાસ કરી રહ્યા છે. હેતની સફળતાથી પરિવારજનો, શિક્ષકો અને મિત્રોમાં ખુશી જોવા મળી રહી છે. તેની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની છે.

# SGVP ગુરુકુળમાં 'SGVP UDYAM 2026' બિઝનેસ એક્સ્પો યોજાયો

અમરેલી,તા.૧૯

SGVP ગુરુકુળમાં ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી અને પુરાણી બાલકૃષ્ણદાસજીની પ્રેરણા તથા આશીર્વાદથી નવરાત્રી મહોત્સવ અંતર્ગત 'SGVP UDYAM 2026' બિઝનેસ એક્સ્પો યોજાયો હતો. ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ એક્સ્પોમાં ૩૦થી વધુ સ્ટોલ્સમાં વિવિધ પ્રોડક્ટ્સ, સેવાઓ અને નવીન વ્યવસાયિક વિચારો રજૂ



કરાયા હતા. વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, સ્ટાર્ટઅપની ક્ષમતા અને આત્મનિર્ભરતાની ભાવના વિકસાવવાનો મુખ્ય હેતુ હતો.

પૂજ્ય સ્વામીએ સમૃદ્ધિ અને સંસ્કારને જીવનની બે પાંખ ગણાવી હતી. નિવૃત્ત અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર ટી.જી. ઝાલાવાડિયાએ નવા ઉદ્યોગોની સ્થાપના અને સરકારી સહાય અંગે માર્ગદર્શન આપ્યું હતું. સ્વામી કુંજવિહારીદાસજી અને સર જાલમસિંહજી સહિતના મહાનુભાવોએ પણ વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. વિવિધ શાળાઓ અને સંસ્થાઓના શિક્ષકો, નિષ્ણાતો તથા વિદ્યાર્થીઓ સહિત ત્રણ હજારથી વધુ લોકોએ એક્સ્પોની મુલાકાત લીધી હતી. આ આયોજન વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક બન્યું હતું.

# કોડીનાર શહેરમાં આજે ૫૦ ફૂટના રાવણનું દહન કરાશે

કોડીનાર, તા. ૧૯

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં આવતીકાલે વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે ભવ્ય રાવણ દહન કાર્યક્રમ યોજાશે. વિજયાદશમી મહોત્સવ સમિતિ ટ્રસ્ટ, તાલુકા સમસ્ત હિન્દુ સમાજ અને ભવાની યુવક મંડળ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.આ વર્ષે ૪૫થી ૫૦ ફૂટ ઊંચી રાવણની પ્રતિમા બનાવવામાં આવી છે. ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા વિવિધ ફ્લોટ્સ અને જીવંત પાત્રો સાથે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. ત્યારબાદ સાંજે શિંગોડા નદીના પટમાં આકર્ષક આતશબાજી સાથે રાવણ દહન યોજાશે.આ કાર્યક્રમમાં કોડીનાર સહિત આસપાસના ગામોના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે. આયોજકો દ્વારા તાલુકાની જનતાને શોભાયાત્રા અને રાવણ દહનના કાર્યક્રમમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કોલકાતા અને ગ્વાલિયર દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

કુંઢેલી તા.૧૯

કોલકાતામાં દુર્ગા પૂજા નિમિત્તે એકઠાં થયેલાં લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી, જેમાં ૧૯ લોકોનાં દબાઈ જવાથી મોત નિપજયા હતા. આ કરુણ ઘટનામાં મૃત્યુ પામેલાઓને પૂ. મોરારીબાપુએ શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમનાં પરિવારજનોને રુપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા



૨,૮૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. ગ્વાલિયર દુર્ઘટનામાં શીતળામાના મંદિર બહાર દર્શન કરવા એકઠાં થયેલા લોકો પર એક ટ્રક ફરી વળતાં ૧૩ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા ત્યારે પૂ બાપુએ આ હતભાગી લોકોનાં પરિવારને પણ રૂપિયા પંદર હજાર લેખે ૧,૯૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. ભરુચનાં વાગરા જીઆઈડીસીમાં આવેલા કારખાનામાં બોઈલર ફાટતાં પાંચ લોકોનાં કરુણ મોત નિપજયા હતા. એ પછી ગાંધીનગરમાં છત્રાલમાં પણ બોઈલર ફાટતાં ૪ કામદારોનાં કરુણ મોત નિપજયા હતા. પૂ બાપુએ તેમનાં પરિવારજનોને રુપિયા ૧,૨૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે. મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ પહોંચાડવામાં આવી છે.

# ભાવનગર મંડળમાં બનાવટી રેલવે ટિકિટોનો પર્દાફાશ, બે વ્યક્તિઓ પકડાયા

રાજુલા,તા.૧૯

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના સતર્ક ટિકિટ ચેકિંગ સ્ટાફે બનાવટી ટિકિટો પર મુસાફરી કરતા બે વ્યક્તિઓને પકડી પાડ્યા છે.

૧૫ ઓક્ટોબરના રોજ વેરાવળ-જબલપુર એક્સપ્રેસમાં ટિકિટ તપાસ દરમિયાન મોબાઈલમાં દર્શાવેલી માસિક સીઝન ટિકિટ અને મુસાફરીની ટિકિટો શંકાસ્પદ જણાઈ હતી. મુખ્ય ટિકિટ નિરીક્ષક રાજન કુમાર સિંહે તપાસ બાદ અધિકારીઓને જાણ કરી હતી. સુરેન્દ્રનગર સ્ટેશને બંનેને RPFને સોંપવામાં આવ્યા હતા. આ મામલે



તસવીર : ગોપાલ રાઠોડ

GRPમાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાથમિક તપાસમાં ગોંડલના એક પ્લાન્ટનો ઉલ્લેખ સામે આવ્યો છે. મુખ્ય કાવતરાખોર મનમોહનસિંહ ફકિરાલાલ કનોજિયાની ગોંડલથી ધરપકડ કરવામાં આવી છે. ટિકિટો માત્ર અધિકૃત માધ્યમથી ખરીદવા રેલવે તંત્રએ અપીલ કરી છે.

-:: જાહેર નોટીસ ::-

**કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.**

ફો.પ.અ.નં.- ૧૬૮ / ૨૦૨૬
મુદત તારીખ - ૧૮ / ૧૧/૨૦૨૬

અરજદાર :- નાથાભાઈ મેઘજીભાઈ કાટેલીયા
રહે. સીંધાજ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
વિધ્વાન વકીલ શ્રી- એન.એમ.જાદવ,
**વિરૂધ્ધ**
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી.. ગીર દેવળી ગ્રામ પંચાયત કચેરી
મું-ગીર દેવળી,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર નાથાભાઈ મેઘજીભાઈ કાટેલીયા,રહે., સીંધાજ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ વાળાએ તેમના ભાઈ મોહનભાઈ મેઘજીભાઈ કાટેલીયાનો જન્મ તા.૦૧ / ૦૩ / ૧૯૬૦ ના રોજ -ગીર દેવળી તા. કોડીનાર. જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ-૧૮/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૯ / ૧૦ / ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે. એચ. બારડ) ઇ.ચા (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.**

ફો.પ.અ.નં.- ૧૭૭ / ૨૦૨૬
મુદત તારીખ - ૦૪/૧૧/૨૦૨૬

અરજદાર :- ઉમાબેન ચીનાભાઈ મકવાણા
રહે. ગીર દેવીળી ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
વિધ્વાન વકીલ શ્રી- એન.એમ.જાદવ,
**વિરૂધ્ધ**
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી.. ગીર દેવળી ગ્રામ પંચાયત કચેરી
મું-ગીર વેળવા,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ઉમાબેન ચીનાભાઈ મકવાણા,રહે ગીર દેવીળી,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ વાળાએ તેમના સાસુ પીઠીબેન સવદાસભાઈ મકવાણા નુ મરણ તા.૦૭/૧૧/૧૯૭૨ ના રોજ ગીર દેવીળી, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબત ની અરજી દાખલ કરી મરણ અંગેનુ પ્રમાણ પત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ -૦૪/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૯ / ૧૦/ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે. એચ. બારડ) ઇ.ચા (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

**:: કુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ સુધરાઈ હદમાં ચકકકરગઢ રોડ રસ્તે રે.સ. નં. ૫૨૭ પૈકીના પ્લોટ નં. ૧૩ પૈકી (૧૩-અ) કુલ ૮૮-૭૨ ચો. મી. વાળી મીલકત પાર્થ જયેન્દ્રભાઈ ઠાકર અને મિત જયેન્દ્રભાઈ ઠાકર રહે. અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને આ મીલકતનુ અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૪૧૮થી તા. ૩૦/૩૧૯૮ ના રોજ હસનુરહેમાન ખલીલુરહેમાન તથા ખતીજાબીબી હસનુરહેમાનતથા ખેરૂન્નીશા હસનુરહેમાન ના કુલ મુખત્યાર હફીઝુરહેમાન હસનુરહેમાન કાદરીનાએ કરી આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ કરી આપનાર કુલ મુખત્યાર હફીઝુરહેમાન હસનુરહેમાન ની કુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તે કયાંક ખોવાઈ ગયેલ છે જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતી કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક- હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન -૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોક્ત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૯/૧૦/૨૦૨૬
અમરેલી.

**અજય જે. રાઠોડ,**
**એડવોકેટ,**
**જુના માર્કેટયાર્ડ,પહેલા માળે,હરીરામ હોલસેલ માર્કેટ,**
**કોંગ્રેસ કાર્યાલયની સામે,અમરેલી.**
**મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**

-:: જાહેર નોટીસ ::-

**ઉનાના મહે. બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (એન.કે.યાદવ) સાહેબની કોર્ટમાં, મુ. ઉના તા. ઉના જી. ગીર સોમનાથ**

ફો.પ.અ.નં.-૨ ૪૧/૨૦૨૬
મુદત તારીખ. :- ૧૯/૧૧/૨૦૨૬

અરજદાર :- ચારણિયા વીરાભાઈ વીજાભાઈ
રહે.ઝાંખરવાડા, તા.ઉના, જી. ગીરસોમનાથ
**-: વિરૂધ્ધ :-**
સામાવાળા :- જન્મ મરણ રજી.શ્રી - ઝાંખરવાડા
ગ્રામ પંચાયત કચેરી,ઝાંખરવાડા
તા. ઉના, જી. ગીર સોમનાથ
અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી બી.કે.રાઠોડ

આથી તમામ લાગતા વળગતાઓને જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે, કે, આ કામના અરજદાર ચારણિયા વીરાભાઈ વીજાભાઈ રહે. ઝાંખરવાડા, તા.ઉના અરજદારના પુત્રી ચારણિયા લીલાબેન વીરાભાઈ નો જન્મ તારીખ ૦૧/૦૬/૨૦૦૨ ના રોજ ઝાંખરવાડા મુકામે જન્મ થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મનું પ્રમાણ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ ૧૯/૧૧/૨૦૨૬ ના ક.૧૦/૩૦ કલાકે ઉના કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી કરવામાં આવશે જેનો નોંધ લેશો.

આજ તારીખ ૧૯/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તેયાર કરનાર સહી (પી.બી.જાદવ) આસીસ્ટન્ટ | તપાસનાર સહી (જે.ડી.વ્યાસ) સુપ્રિન્ટેન્ડેન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી (વી.કે.શુકલા) રજીસ્ટ્રાર, પ્રિન્સીપાલ સીની. સીવીલ કોર્ટ, ઉના

**વિષય :- દસ્તાવેજ કરતા પુર્વે ની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપેલ હતી.જેની વિગત નીચે મુજબ છે.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે-ભેંસવડી ના જેના રે.સર્વે નં.૧૧૧/૧ તથા ૧૧૧/૨નુ, જેનુ કુલ ક્ષેત્રફળ :- ૧-૩૫-૫૭ હે. આરે. કુલ જમીન નો હિસ્સો ૬૬% (૧)બુટાણી ચંદુભાઈ પરશોતમભાઈ વિગેરે ના નામે ચાલે છે.જે જુની શરતની છે.ખે તીની બીનપીયત જમીન સદરહુ જમીન નામાલીક,કબજેદાર અને ધારણ કર્તાના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલસંપુર્ણ ચોખ્ખા,કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકત મા તેઓસીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, લાગ ભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે.જેથી સદરહુ મિલક્ત મા જો કોઈનો વાંધો વિરોધ કેહકક,હીત, સંબંધ,લાગભાગ,દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સોહોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે ના સરનામે (દિન-૧૦)મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકકહીત,હિસ્સો કે લેણુનથી અને હોય તો જતો કરેલ છે તે માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજકરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતા ને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાયત કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨, મો.૯૪૨૬૫ ૫૪૧૭૨

**સહી**
**લી.આપનો વિશ્વાસુ**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.૨૭૨/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૪/૨૦૦૧

રાજેશગીરી ધનગીરી ગોસ્વામી,
રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર જિલ્લો-ગીર સોમનાથ --અરજદાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા, કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ --સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાજેશગીરી ધનગીરી ગોસ્વામી,રહે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રાજેશગીરી ધનગીરી ગોસ્વામી તથા ગીતાબેન રાજેશગીરી ગોસ્વામી ના પુત્ર કિનલગીરી રાજેશગીરી ગોસ્વામીનો જન્મ તારીખ ૦૧/૦૪/૨૦૦૧ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૦૮/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એચ.કે.ભાસ્કર) એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ કોડીનાર

**-// જાહેર નોટીસ //-**

આથી અમો શ્રી નીરજ એન. શીયાળ - એડવોકેટ ઉના આથી અમારા અસીલ શ્રી ડાયાભાઈ નનાભાઈ રાઠોડ તથા શ્રી વિજયભાઈ નનાભાઈ રાઠોડએ આપેલ સુચનાઓ મુજબ આ જાહેર નોટીસથી લાગતા વળગતાને જાણ કરવાની કે, ગીરસોમનાથ જીલ્લાના ગીર ગઢડા તાલુકાના બેડીયા ગામના નવા ગામતળ પ્લોટ.નં.૩૩, ક્ષેત્રફળ ૨૦૯-૦૩-૨૫ ચો.મી. અને પ્લોટ.નં.૩૬, ક્ષેત્રફળ ૧૯૦-૪૫-૧૮ ચો.મી. વાળી સ્થાવર મીલ્કત પાર્ટીશન ડીડ.નં.૯૧૭, તા.૨૨-૦૯-૨૦૨૯ થી અમારા સ્વતંત્ર માલીકીની અને કબ્જા ભોગવટાની આવેલ છે, સદરહું સ્થાવર મિલ્કતની ફાઈલ અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માટે આવેલ હોય સદરહું મિલ્કત અંગે માલીકી, કબ્જા કે ટાઈટલ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દરદાવો, ચાર્જ, ગીરો, બોજો, લીયન કે ટાઈટલ બાબતે કોઈ વ્યકિત, પેઢી, કંપની કે સંસ્થાનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો દિવસ-૦૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી સદરહું મુદત વિત્યા બાદ કોઈનો વાંધો-તકરાર કે હકક, હિસ્સો નથી અથવા હોય તો તે જતો (WAIVE) કરેલ છે, તેમ સમજી અમો સદરહું મિલ્કત અંગે ટાઈટલ કલીયર રીપોર્ટ આપવા અંગેની કાર્યવાહી કરીશું અને આ નોટીસની મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર અમોને કે અમારા અસીલને બંધન કર્તા રહેશે નહિ જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ :- ઉના
તારીખ :- ૧૯/૧૦/૨૦૨૬

# વારાણસીમાં ઓવરબ્રિજ પર સેલ્ફી લેતા ચાર મિત્રોને ટ્રકે કચડી નાખતા મોત

**અન્ય ચાર મિત્રોને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં ખસેડાયા**

વારાણસી,તા.૧૯



ઉત્તર પ્રદેશના વારાણસીમાં પ્રયાગરાજ-વારાણસી હાઈવે પર સોમવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વિંધ્યાચલનાં દર્શન કરીને કાશી પરત ફરી રહેલા મિત્રો રૂપાપુર ગામ નજીક ઓવરબ્રિજ પર સ્કોર્પિયો રોકીને સેલ્ફી લઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવેલા ટ્રકે ટક્કર મારતાં ચાર યુવકોનાં મોત થયાં હતાં અને અન્ય ચાર ઘાયલ થયા હતા. અકસ્માતમાં આનંદ યાદવ (૨૫), આલોક મિશ્રા (૩૦), પ્રદીપ સિંહ (૩૬) અને વિદ્વાંશુ યાદવ (૩૦)નાં મોત થયાં હતાં. ઘાયલોમાં સાવન યાદવ, કિશન યાદવ, રાજકુમાર યાદવ અને નિખિલનો સમાવેશ થાય છે. તેમને સારવાર માટે ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવ્યા હતા.

ટક્કર એટલી જોરદાર હતી કે બે યુવકો ઓવરબ્રિજ પરથી નીચે પટકાયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# સિંધુ જળ સંધિ પર તણાવ વચ્ચે દુશાંબેમાં રાજનાથ સિંહ અને ઈશાક ડારની હાજરી

નવી દિલ્હી, તા.૧૯



સિંધુ જળ સંધિને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે વધેલા તણાવ વચ્ચે ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન તથા વિદેશ મંત્રી મોહમ્મદ ઈશાક ડાર તાજિકિસ્તાનની રાજધાની દુશાંબેમાં યોજાતી શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ)ની બેઠકોમાં હાજરી આપી રહ્યા છે. ૧૯ અને ૨૦ ઓક્ટોબરે યોજાતી આ બેઠકોમાં પ્રાદેશિક સુરક્ષા અને સહયોગના મુદ્દાઓ પર ચર્ચા થશે. ગત વર્ષે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ સ્થગિત કરી હતી. પાકિસ્તાને આ નિર્ણયનો વિરોધ કરતાં તેને સંધિનું ઉલ્લંઘન ગણાવ્યું છે. ભારતે આતંકવાદ અને જળસંબંધિત મુદ્દાઓ પર પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે લોહી અને પાણી એકસાથે વહી શકતાં નથી. રાજનાથ સિંહે એસસીઓ મંચ પર પ્રાદેશિક સુરક્ષા અને સહયોગને મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. બીજી તરફ, ઈશાક ડારે ભારતના નિર્ણય સામે વિરોધ નોંધાવ્યો છે. બંને નેતાઓ વચ્ચે સીધી મુલાકાત થશે કે નહીં તે અંગે સ્પષ્ટતા નથી. આ બેઠકમાં ભારત સરહદ પારના આતંકવાદ અને જળસુરક્ષા અંગે પોતાનું વલણ રજૂ કરે.

# કતારમાં બાંગ્લાદેશના ભૂતપૂર્વ વાયુસેના વડાની ધરપકડ કરાઈ

ઢાકા, તા.૧૯

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વાયુસેના વડા શેખ અબ્દુલ હન્નાનની કતારમાં ૧૫ ઓક્ટોબરે ધરપકડ કરવામાં આવી છે. તેમના પર ભ્રષ્ટાચાર અને આવક કરતાં વધુ સંપત્તિ એકત્રિત કરવાના આરોપો છે. બાંગ્લાદેશના ભ્રષ્ટાચાર વિરોધી પંચના જણાવ્યા અનુસાર, હન્નાને કથિત રીતે ૩.૨૮ કરોડ ટાકાની અપ્રમાણસર સંપત્તિ એકત્રિત કરી હતી. તેમના છ બેંક ખાતાંમાં ૨૭.૬૩ કરોડ ટાકાના શંકાસ્પદ વ્યવહારો પણ મળી આવ્યા છે. તેમની પત્ની સામે પણ અપ્રમાણસર સંપત્તિ અને શંકાસ્પદ વ્યવહારો અંગે આરોપો છે. તપાસકર્તાઓને કેનેડા અને દુબઈમાં કથિત સંપત્તિ ઉપરાંત ત્રણ દેશોમાં બાળકોના નામે નોંધાયેલી મિલકતોની વિગતો મળી છે. આ કેસમાં તપાસ ચાલુ છે. નોંધનીય છે કે હન્નાન ૨૦૨૧થી ૨૦૨૪ સુધી બાંગ્લાદેશના વાયુસેનાના વડા રહ્યા હતા.

# દિલ્હી એરપોર્ટ પર દુબઈથી આવેલા મુસાફર પાસેથી રૂ. ૪.૦૩ કરોડનું સોનું જપ્ત

નવી દિલ્હી, તા.૧૯




દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ સોનાની દાણચોરીનો પર્દાફાશ કરી દુબઈથી આવેલા એક ભારતીય મુસાફર પાસેથી આશરે રૂ. ૪.૦૩ કરોડની કિંમતનું ૩.૨ કિલોગ્રામ સોનું જપ્ત કર્યું છે. સત્તાવાર નિવેદન મુજબ, ૧૯ ઓક્ટોબરે દુબઈથી દિલ્હી પહોંચેલા મુસાફરને શંકાસ્પદ જણાતાં અધિકારીઓએ અટકાવ્યો હતો. તેના સામાનની તપાસ દરમિયાન ફ્લોર સ્પ્રિંગ નામના દરવાજો આપમેળે બંધ કરવાના યાંત્રિક ઉપકરણમાં છુપાવેલા સોનાના બાર મળી આવ્યા હતા. આ મામલે કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

નોંધનીય છે કે અગાઉ પણ દિલ્હી એરપોર્ટ પર સોનાની દાણચોરીના કેસમાં ૪૬ વર્ષીય ભારતીય મહિલા મુસાફર પાસેથી ૧,૩૨૭.૪ ગ્રામ સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યાં હતાં. તે સોનાનું અંદાજિત બજારમૂલ્ય રૂ. ૨.૧૮ કરોડ હતું. એરપોર્ટ પર દાણચોરી રોકવા કસ્ટમ વિભાગ દ્વારા તપાસ વધુ સઘન બનાવવામાં આવી રહી છે.

# બીસીસીઆઈએ પ્રજ્ઞાન ઓઝાને મુખ્ય પસંદગીકાર તરીકે નિયુક્ત કર્યા

નવી દિલ્હી, તા.૧૯



ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (બીસીસીઆઈ) દ્વારા પુરુષ ક્રિકેટ ટીમની પસંદગી સમિતિમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. ભૂતપૂર્વ ભારતીય સ્પિનર પ્રજ્ઞાન ઓઝાને નવા મુખ્ય પસંદગીકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ અજિત અગરકરનું સ્થાન લેશે. ભૂતપૂર્વ ક્રિકેટર રમેશ પોવારને પણ સમિતિમાં નવા સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા છે. નવી સમિતિમાં શિવ સુંદર દાસ, આર. પી. સિંહ અને અજય રાત્રાનો પણ સમાવેશ થાય છે. બીસીસીઆઈએ અજિત અગરકરના યોગદાનની પ્રશંસા કરી તેમના કાર્યકાળ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# શક્તિ હોય તો બધું જ શક્ય છે, શિવમાંથી શક્તિ દૂર થાય તો માત્ર શબ જ રહે : મોહન ભાગવત

નાગપુર, તા.૧૯



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે નાગપુરના ધંતોલી ખાતે દુર્ગા પંડાલમાં પૂજા કરી હતી. આ પ્રસંગે તેમણે દેવીશક્તિના મહત્ત્વ અંગે જણાવ્યું હતું કે, શક્તિ હોય તો બધું જ શક્ય છે. શિવમાંથી શક્તિ દૂર થાય તો માત્ર શબ જ રહે છે. તેમણે લોકોને વિજયાદશમીની શુભેચ્છાઓ પાઠવી હતી.

મોહન ભાગવતે જણાવ્યું હતું કે દેવીની પૂજાનો હેતુ વ્યક્તિમાં રહેલા સદ્ગુણોને જાગૃત કરવાનો છે. ભગવદ્ ગીતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ખ્યાતિ, સમૃદ્ધિ અને શ્રધ્ધા જેવા ગુણો દરેક વ્યક્તિમાં રહેલા છે. આ ગુણોને જાગૃત કરવાથી વ્યક્તિની શક્તિ વધે છે અને તેનો લાભ પરિવાર તથા રાષ્ટ્રને મળે છે.

તેમણે રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદનો ઉલ્લેખ કરી દેવીશક્તિ અને ભારતના પુનર્જાગરણ વચ્ચેનો સંબંધ સમજાવ્યો હતો. તેમણે ભક્તિભાવથી પૂજા કરી આંતરિક ગુણો વિકસાવવા પર ભાર મૂક્યો હતો.

# ટાઇગર શ્રોફ પર ફાયરિંગ કેસમાં કોટા રેલવે સ્ટેશન પરથી ત્રણ આરોપીઓની ધરપકડ

મુંબઈ, તા.૧૯



અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર ફાયરિંગના કેસમાં એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ અને રાજસ્થાન પોલીસે કોટા રેલવે સ્ટેશન પરથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ પુણે-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં મુસાફરી કરીને નેપાળ ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની માહિતી સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી રેહાન સહિત ત્રણેય આરોપીઓ ફાયરિંગની ઘટના બાદથી ફરાર હતા. તેઓ લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા અનિલ પંડિતના સંપર્કમાં હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આરોપીઓમાં એક બિહારનો અને અન્ય બે હરિયાણાના રહેવાસી હોવાનું જણાવાયું છે. આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા બાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ ટ્રાન્ઝિટ રિમાન્ડ પર મુંબઈ લઈ જવાની કાર્યવાહી કરશે. મુંબઈના જુહુ વિસ્તારમાં ટાઈગર શ્રોફની કાર પર સાત રાઉન્ડ ફાયરિંગ થયાનું અહેવાલોમાં જણાવાયું હતું. આ ઘટનામાં ડ્રાઈવર સહિત બે વ્યક્તિઓ ઘાયલ થયા હતા. ટાઈગર શ્રોફ સુરક્ષિત હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# ભવિષ્યમાં થનાર યુધ્ધોમાં એઆઈનો ઉપયોગ વધશે : નૌકાદળના વાઈસ ચીફ અજય કોચર

નવી દિલ્હી, તા.૧૯



ભારતીય નૌકાદળ કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ), ક્વોન્ટમ ટેકનોલોજી અને સ્વાયત્ત પ્રણાલીઓના વિકાસ પર ભાર મૂકી રહ્યું છે. નૌકાદળના વાઈસ ચીફ વાઈસ એડમિરલ અજય કોચરે જણાવ્યું કે આધુનિક યુદ્ધોમાં આ ટેકનોલોજીનું મહત્ત્વ વધશે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં તેમણે માનવરહિત વિમાનોનો સામનો કરવા માટેની કાઉન્ટર-યુએએસ ક્ષમતાઓ વિકસાવવાની જરૂરિયાત પણ જણાવી હતી. બદલાતા વૈશ્વિક સંઘર્ષોને ધ્યાનમાં રાખીને નૌકાદળ દરિયાઈ સુરક્ષા અને કામગીરી મજબૂત બનાવવા પ્રયત્નશીલ છે.

# યુપી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખનાથ મંદિરમાં કન્યા પૂજન કર્યું

ગોરખપુર, તા.૧૯

શારદીય નવરાત્રીના નવમા દિવસે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુરના ગોરખનાથ મંદિરમાં પરંપરાગત વિધિથી કન્યા પૂજન કર્યું હતું. તેમણે કન્યાઓને દેવી દુર્ગાનું સ્વરૂપ માની તેમના પગ ધોયા, કપાળ પર તિલક કર્યું અને પૂજા-અર્ચના કરી હતી.

પૂજા બાદ મુખ્યમંત્રીએ કન્યાઓને ભોજન કરાવી ભેટો અર્પણ કરી હતી. ગોરખપીઠની પરંપરા અનુસાર, યોગી આદિત્યનાથ દર વર્ષે નવરાત્રિ દરમિયાન કન્યા પૂજનમાં ભાગ લે છે.

નવરાત્રીના આ પાવન અવસરે ગોરખનાથ મંદિર સહિત ઉત્તર પ્રદેશનાં વિવિધ મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. ભક્તોએ માતા સિદ્ધિદાત્રીની પૂજા કરી સુખ, સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# દિલ્હી પોલીસે પાંચ રાજ્યોમાં રૂ. ૧.૫૩ કરોડની સાયબર છેતરપિંડી અટકાવી

નવી દિલ્હી, તા.૧૯



દિલ્હી પોલીસના આઈએફએસઓ યુનિટે દિલ્હી સહિત પાંચ રાજ્યોમાં સમયસર કાર્યવાહી કરીને આશરે રૂ. ૧.૫૩ કરોડની સંભવિત સાયબર છેતરપિંડી અટકાવી છે. ચાર કેસમાં ડિજિટલ ધરપકડના નામે વૃધ્ધોને ધમકાવવામાં આવ્યા હતા, જ્યારે એક કેસમાં રોકાણની લાલચ આપવામાં આવી હતી. પોલીસે પીડિતોને સમજાવી વધુ નાણાં ટ્રાન્સફર કરતાં અટકાવ્યા હતા. પોલીસે સ્પષ્ટ કર્યું કે કાયદામાં ડિજિટલ ધરપકડની કોઈ જોગવાઈ નથી. કોઈ અધિકારી વીડિયો કોલ પર ધરપકડના નામે પૈસાની માગણી કરતો નથી. આવી છેતરપિંડીથી સાવચેત રહેવા પોલીસે અપીલ કરી છે.

# ઈઝરાયલે ભારત સહિત નવા દેશો સાથે જોડાણ મજબૂત બનાવવું જોઈએ: બેન્જામિન નેતન્યાહૂ

તહેરાન, તા.૧૯



ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ભારત સહિત અન્ય દેશો સાથેના સંબંધો મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ઈઝરાયલ પ્રત્યે પ્રતિકૂળ વલણ અપનાવી શકે છે. નેતન્યાહૂએ જણાવ્યું હતું કે ઈઝરાયલે અમેરિકાના વર્તમાન વહીવટીતંત્ર સાથેના સંબંધો મજબૂત કરવા ઉપરાંત ભારત અને લેટિન અમેરિકાના દેશો સાથે નવા જોડાણો વિકસાવવા જોઈએ. તેમણે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિમાં ઈઝરાયલની સ્થિતિ વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત દર્શાવી હતી. તેમણે ભારતને મહત્ત્વપૂર્ણ વૈશ્વિક શક્તિ ગણાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેના સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો હતો. નેતન્યાહૂના મતે, નવા આંતરરાષ્ટ્રીય જોડાણો ઈઝરાયલની રાજદ્વારી સ્થિતિ અને ક્ષમતાઓને મજબૂત બનાવવામાં મદદરૂપ થઈ શકે છે. યુએસ ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓ અને સમર્થકોમાં ઈઝરાયલ પ્રત્યે વધતી ઉદાસીનતા નેતન્યાહૂ દ્વારા લેવામાં આવેલા ભૂલોની શ્રેણીને કારણે છે.

# રશિયન ઊર્જા ખરીદી મુદ્દે ભારત-ચીન પર સેકન્ડરી ટેરિફ માટે અમેરિકાએ યુરોપનો માગ્યો હતો સહયોગ

નવી દિલ્હી, તા.૧૯



અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે ખુલાસો કર્યો છે કે રશિયા પાસેથી ઊર્જા ખરીદવા બદલ ભારત અને ચીન પર સેકન્ડરી ટેરિફ લાદવા માટે અમેરિકાએ યુરોપિયન દેશોનો સહયોગ માગ્યો હતો, પરંતુ તેમણે ઈનકાર કર્યો હતો.

બેસન્ટે યુરોપિયન દેશો પર રશિયા પાસેથી ઊર્જા ખરીદીને મોસ્કોને આર્થિક સહાય પૂરી પાડવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે રશિયન ઊર્જા પરના હાલના પ્રતિબંધો યથાવત છે.

અમેરિકાના ઊર્જા સચિવ ક્રિસ રાઈટે પણ ભારત અને ચીનને સંભવિત પ્રતિબંધોની અસર હેઠળ આવતા મહત્ત્વના દેશો ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રતિબંધો લાગુ કરવાનો અધિકાર ધરાવે છે.

અમેરિકામાં રશિયા સાથે વેપાર કરતા દેશો પર દબાણ વધારવા અંગે ચર્ચા ચાલી રહી છે. આ મુદ્દે ભારતના ઊર્જા વેપાર અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર તેની સંભવિત અસર મહત્ત્વપૂર્ણ બની શકે છે. તેમણે નિર્દેશ કર્યો કે યુક્રેનને નાટો સાથીઓ દ્વારા ગુપ્ત માહિતી અને યુએસ શસ્ત્રો મળવાનું ચાલુ રહે છે.

# વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૭ને લઈ રાજયના ૧૨ IAS અધિકારીઓ વિદેશ જશે, અન્યને સોંપાયો વધારાનો ચાર્જ



અમદાવાદ,તા.૧૯

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ની પૂર્વતૈયારીઓ અને રોકાણ આકર્ષવાના ભાગરૂપે રાજ્યના ૧૨ આઈએએસ (IAS) અધિકારીઓ વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે.

આ સમયગાળા દરમિયાન સરકારી કામગીરી વણસી ન જાય તે માટે સામાન્ય વહીવટ વિભાગે ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અલ્ટરનેટ ચાર્જના આદેશો જાહેર કર્યા છે.

જે અંતર્ગત અંજુ શર્માનો ચાર્જ ટી. નટરાજનને, જયંતિ એસ. રવિનો ચાર્જ બી. એ. શાહને, મમતા વર્માનો ચાર્જ રાજીવ ટોપનોને તથા લોચન સેહરાનો ચાર્જ ડો. વિનોદ રામચંદ્ર રાવને સોંપાયો છે. આ ઉપરાંત રૂપવંત સિંહ, સ્વરૂપ પી., પોનુગુમલા ભારતી, જેનુ દેવાન, અર્દ્રા અગ્રવાલ, ડો. ધવલકુમાર પટેલ, પ્રવીણા ડી. કે. અને વિજયકુમાર ખરાડીની ગેરહાજરીમાં સંબંધિત વિભાગોની જવાબદારી અન્ય વરિષ્ઠ અધિકારીઓ સંભાળશે.

વિદેશી રોકાણકારો સાથે સીધા સંપર્ક અને રોકાણલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આ પ્રવાસનું આયોજન કરાયું છે.

# અમદાવાદ-સુરતમાં રૂ.૧૯.૪૧ કરોડની સોનાની તસ્કરીનો પર્દાફાશ, ત્રણની ધરપકડ



અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં સોનાની તસ્કરી કરતા સંગઠિત નેટવર્કનો ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા પર્દાફાશ કરાયો છે. અમદાવાદ અને સુરત એરપોર્ટ મારફતે વિદેશથી ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલું રૂ.૧૯.૪૧ કરોડની કિંમતનું ૧૩.૦૧૭ કિલો સોનું જપ્ત કરી કસ્ટમ્સ એક્ટ હેઠળ ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ડીઆરઆઈએ ૧૬ ઓક્ટોબરથી હાથ ધરેલા ૪૨ કલાકના ઓપરેશન દરમિયાન એરપોર્ટ બહાર સોનું મેળવતા હેન્ડલર્સ, મધ્યસ્થીઓ અને વેપારીઓની કડીઓ ઝડપી પાડી હતી. તપાસમાં સામે આવ્યું છે કે રોડિયમ કોટેડ સોનાના વાયર, ટ્રોલી બેગના લાઈનિંગ અને ગોલ્ડ પેસ્ટ સ્વરૂપે સોનું છુપાવીને લાવવામાં આવતું હતું. વિદેશથી આવેલા સોનાને વડોદરાના ગેરકાયદેસર મેલ્ટિંગ યુનિટમાં ઓગાળી, બાદમાં અમદાવાદની જ્વેલરી દુકાનોમાં રોકડથી વેચવામાં આવતું હતું. આ નેટવર્ક પાછળ દુબઈ સ્થિત ફાઈનાન્સરની સંડોવણી હોવાનું પણ બહાર આવ્યું છે.

# અમદાવાદ નજીક ગરબામાં બબાલ: તલવારો ઊછળતાં મચી અફરાતફરી



અમદાવાદ,તા.૧૯

અમદાવાદ નજીક સાંતેજ ખાતે મંડલી ગરબા મહોત્સવમાં માન્ય પાસ વિના પ્રવેશવા મુદ્દે સિક્યોરિટી અને યુવકો વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું હતું. વાયરલ વીડિયોમાં શખ્સો હાથમાં તલવારો અને લાકડીઓ સાથે જણાતાં ખેલૈયાઓમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી આયોજકો સહિત કેટલાક લોકોની પૂછપરછ હાથ ધરી છે.

# અમદાવાદના ખોખરામાં મહિલાની નિર્મમ હત્યા કર્યા બાદ મૃતદેહ સૂટકેસમાં પૂરવાનો નિષ્ફળ પ્રયાસ



અમદાવાદ,તા.૧૯

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલ જીવનરક્ષક ફ્લેટમાં એકલવાયું જીવન જીવતાં લક્ષ્મીબેન ડાભી નામના મહિલાની ઘાતકી હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. ઘટનાની પ્રાથમિક વિગતો અનુસાર, વહેલી સવારે મહિલાનો મૃતદેહ તેમના જ બંધ મકાનમાંથી અત્યંત વિઘટિત અવસ્થામાં મળી આવ્યો હતો.

અજાણ્યા શખસોએ હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના આશયથી મૃતદેહને સૂટકેસમાં ઠાંસીને પૂરવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ ખોખરા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. હત્યા કયા કારણોસર કરવામાં આવી અને તેમાં કોણ સંડોવાયેલું છે તે દિશામાં પોલીસે એફએસએલની મદદથી પુરાવા એકત્ર કરી તપાસ તેજ કરી છે.

# વડોદરા નજીક જીઆઈડીસીમાં નકલી ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ, પોલીસે વધુ તપાસ હાથ ધરી



વડોદરા,તા.૧૯

વડોદરા નજીક પોર જીઆઈડીસીમાં ચાલીસા ફૂડ્સ કંપની પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડો પાડી નકલી ઘી બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પામોલીન તેલના મિશ્રણથી શુધ્ધ દેશી ઘીના નામે વેચાણ થતું હોવાની આશંકા છે. સ્થળ પરથી પેકિંગ સામગ્રી અને ટેન્કર મળી આવતાં પોલીસે નમૂના લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં નવરાત્રી મહોત્સવ બહાર યુવકની અજાણ્યા હુમલાખોરોએ ઘાતકી હત્યા કરી



વડોદરા,તા.૧૯

વડોદરાના સોમા તળાવ ચાર રસ્તા નજીક આયોજિત વણઝારા સમાજના નવરાત્રી મહોત્સવ દરમિયાન ૨૬ વર્ષીય નિલેશ વણઝારા નામના યુવકની મોડી રાત્રે પાર્ટી પ્લોટની બહાર અજાણ્યા શખસોએ ઘાતકી હત્યા કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં જૂની અદાવતમાં આ હત્યા કરવામાં આવી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

અચાનક પુત્રની છત્રછાયા ગુમાવતાં પરિવારજનો ઘેરા શોકમાં સરી પડ્યા છે અને આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડી કડક સજા કરવાની માંગ કરી રહ્યા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ડીસીપી અભિષેક ગુપ્તા સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. કપુરાઈ પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ડીસીબીની ટીમ દ્વારા સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે શંકાસ્પદ શખસોની ઓળખ મેળવીને આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરાયા છે.

# અમદાવાદમાં નવરાત્રી ગરબાના નકલી પાસનું કૌભાંડ ઝડપાયુ, બે આરોપીઓની કરાઈ ધરપકડ




અમદાવાદ,તા.૧૯

અમદાવાદમાં સોશિયલ મીડિયા પર જાણીતા ગરબા આયોજકોના નામ અને લોગોનો દુરુપયોગ કરી નકલી પાસ વેચવાના મોટા કૌભાંડનો સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે રાજસ્થાનથી બે આરોપીઓની ધરપકડ કરી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ ઈન્સ્ટાગ્રામ પર પેઈડ જાહેરાતો આપીને અંદાજે ૬૮૬ ફેક પાસ વેચી રૂ. ૮ લાખથી વધુની છેતરપિંડી આચરી હતી. આ આરોપીઓ ચેટજીપીટી (ChatGPT)ની મદદથી ક્યુઆર કોડ અને બારકોડ વાળા પ્રોફેશનલ દેખાતા નકલી પાસ તૈયાર કરતા હતા અને ગ્રાહકો પાસેથી મળેલા નાણાં બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવતા હતા. સાયબર ક્રાઈમ પોલીસે આરોપીઓ પાસેથી ડિજિટલ સાધનો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ સાથે પોલીસે નાગરિકોને માત્ર અધિકૃત સત્તાવાર માધ્યમોથી જ ગરબાના પાસ ખરીદવા અને સાયબર છેતરપિંડીથી સાવધ રહેવા અપીલ કરી છે.






# પાટણમાં વરસાદની ખેંચથી ખેતરોમાં પાક સુકાતાં શિયાળુ વાવેતર સામે મોટું સંકટ



પાટણ,તા.૧૯

પાટણ જિલ્લામાં મેઘરાજાની લાંબી ખેંચના કારણે અન્નદાતા ભારે મુશ્કેલીમાં મુકાયો છે.

વરસાદના અભાવે ખેતરોમાં તૈયાર થઈ રહેલો ચોમાસું પાક સુકાઈને પીળો પડી રહ્યો છે. બિયારણ, ખાતર, દવા અને મજૂરી પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરનારા ખેડૂતો હવે પોતાના પાકને બચાવવા આકાશ તરફ મીટ માંડીને બેઠા છે. એક તરફ ચોમાસું પાક નિષ્ફળ જવાની ભીતિ છે, તો બીજી તરફ શિયાળુ વાવેતર પર પણ ઘેરા સંકટના વાદળો છવાયા છે.

હાલમાં ખેડૂતો દ્વારા ચણા, રાયડો, ઘઉં અને જીરું જેવા શિયાળુ પાકોના વાવેતરની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જોકે, સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. ખેડૂતોની તમામ આશાઓ હવે સુજલામ સુફલામ કેનાલ પર ટકેલી છે. જો કેનાલમાં સમયસર પાણી છોડવામાં નહીં આવે, તો ખેડ, ખાતર અને બિયારણ પાછળ કરેલો તમામ ખર્ચ એળે જવાની અને વાવેતર વિસ્તાર ઘટવાની પૂરેપૂરી શક્યતા છે.

બીજી તરફ, ખેતીવાડી વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર પાટણ જિલ્લામાં બે લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં શિયાળુ પાકના વાવેતરનો અંદાજ છે અને દર વર્ષની જેમ કેનાલ તથા ટ્યુબવેલ મારફતે પાણી પૂરું પાડવાનું આયોજન છે.

જોકે, ખેડૂતો માંગ કરી રહ્યા છે કે શિયાળુ વાવેતર સુરક્ષિત કરવા માટે સુજલામ સુફલામ કેનાલમાં ત્વરિત પાણી છોડવામાં આવે, જેથી તેમની મહેનત એળે ન જાય.

# પગાર બાબતે ગ્રામસેવકોની ૧ નવેમ્બરથી હડતાલની ચિમકી

અમદાવાદ,તા.૧૯

ગુજરાત રાજ્ય કરાર આધારિત ગ્રામસેવક મંડળે પગારની વિસંગતતા દૂર કરવા અને ગ્રેડ પે મુજબ પગારવધારો આપવા સરકાર સમક્ષ રજૂઆત કરી છે. મંડળના પ્રમુખ નરસિંહભાઈ હડિયલે જણાવ્યું કે ગ્રામસેવકો છેલ્લા ૧૭ વર્ષથી ફરજ બજાવે છે, છતાં યોગ્ય વેતન મળતું નથી. અગાઉની રજૂઆતો છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતાં ફરી આવેદનપત્ર આપવામાં આવ્યું છે. માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીમકી અપાઈ છે.





